**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬**

નામદાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ)

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષ સ્થાને**

બપોરના ૧૨.૩૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન વગાડી કરવામાં આવી.)

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમારે સભ્યશ્રી ઈરદારભાઇ ચૌધરીના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

૩. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઇ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઇ ગુલામમોહયુદ્દીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.શ્રી ધીરજલાલ કુલાભાઇ રીબડીયા, સ્વ.શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ.શ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયા અને સ્વ.શ્રી બાવનજીભાઇ હંસરાજભાઇ મેતલીયાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ડૉ.તુષાર ચૌધરી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રીઓ શ્રી ચૈતરભાઇ વસાવા, શ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો.**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૫નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૨૫નો ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૨) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ખાણ અને ખનીજ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી**

(૩) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૪) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ.મનીષા વકીલ**

(૫) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જયરામભાઇ ગામીત**

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૨૦-૦૯-૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ ઘઇ/૨૦૨૫-૧૧૯/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

૫. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૨૫ના વિધેયક ક્રમાંક-૧૬, ૧૭, ૧૮ અને ૧૯ સભાગૃહના મેજ ઉપર મૂક્યાં.

૬. **ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય સભ્યશ્રી દિનેશભાઇ ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે-

''આ સભાગૃહના સભ્યશ્રી શૈલેષ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

સભાગૃહના સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

માનનીય સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે-

''આ સભાગૃહના સભ્યશ્રી પૂર્ણેશ મોદીને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

માનનીય સભ્યશ્રી રાજેન્દ્રકુમાર ચાવડાએ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલ પ્રથમ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવતાં તે પ્રસ્તાવનો સભાગૃહે ધ્વનિમતથી અસ્વીકાર કર્યો અને ત્યારબાદ રજૂ થયેલ બીજો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં તે પ્રસ્તાવનો ધ્વનિમતથી સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીને ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા અને તેઓશ્રીને ગૃહમાં ઉપાધ્યક્ષશ્રીનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી.

ત્યારબાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ નવા વરાયેલા ઉપાધ્યક્ષશ્રીને સભાગૃહમાં ઉપાધ્યક્ષ સ્થાન સુધી દોરી ગયા અને માનનીય ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશ મોદીએ ઉપાધ્યક્ષશ્રી તરીકે સ્થાન લીધું.

૭. **કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

૮. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, મંગળવાર તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧-૧૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**મંગળવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧ ( ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

પ્રશ્નોત્તરીનો સમય પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટેનો હોઇ, પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રીઓ દ્વારા પ્રશ્નો ટૂંકમાં પૂછવા તેમજ મંત્રીશ્રીઓ દ્વારા ટૂંકમાં તેમજ મુદ્દાસર પ્રશ્નોના જ જવાબ આપવા માનનીય અધ્યક્ષશ્રીએ તમામ પક્ષના સભ્યશ્રીઓ તેમજ માનનીય મંત્રીશ્રીઓને સૂચના આપી.

**૩. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ વધારવામાં આવી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં પ્રશ્ન ક્રમાંક– ૨ (ચર્ચા અધૂરી) ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૪ માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે વિષયાંતર થાય તેવા જવાબો ન આપવા તેમજ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પ્રશ્નો પૂછતી વખતે સરકારશ્રીની ટીકા ન કરવા કે અભિનંદન ન આપવા માટે માનનીય સભ્યશ્રીઓ તથા માનનીય મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૫. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ વધારવામાં આવી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં પ્રશ્ન ક્રમાંક–૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૫૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો

**૬. વિધાનસભા સત્રનું લાઇવ પ્રસારણ કરવા અંગે દેખાવો અને સૂત્રોચ્ચાર**

પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ આમ આદમી પક્ષના ચાર સભ્યશ્રીઓ દ્વારા પ્લેકાર્ડનું પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કરવામાં આવતાં, વિધાનસભાના નિયમોથી વિરુદ્ધ આ પ્રકારે પ્રદર્શન ન કરવા તેમજ સભ્યશ્રીઓને અધ્યક્ષ કાર્યાલયમાં આવીને વ્યક્તિગત રીતે અધ્યક્ષશ્રીને રજૂઆત કરી શક્યા હોત તેમ જણાવવા છતાં, આમ આદમી પક્ષના સભ્યો દ્વારા પ્રદર્શન ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓના હાથમાંથી બેનર/કાગળો લઇ લેવા આદેશ આપતાં સલામતી દળે એ લઇ લીધા અને સભ્યશ્રીઓએ ગૃહમાં પોતાનું સ્થાન લીધું

**૭. વિધાનસભાની સમિતના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

**૮. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૯. સરકારી વિધેયકો**

(૧) માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૩) શ્રીમતી માલતીબેન મહેશ્વરી
(૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૫) શ્રી રમેશભાઇ ટીલાળા
(૬) શ્રી અનંતભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૭ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**( વિરામ બપોરના ૨.૨૦ થી ૩.૦૦ )**

(૨) માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહીડાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૬નું સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યું .(પ્રવચન અધૂરું)

**૧૦. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયકની નોટિસ નિયમાનુસાર આપવા અંગે**

રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહીડાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૩ દાખલ કરતાં આમ આદમી પક્ષના સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, નિયમાનુસાર વિધેયકની નોટિસ વિધેયક દાખલ કરવાના બે દિવસ પહેલાં સભ્યશ્રીઓને મળવી જોઇએ. પરંતુ આ વિધેયકની સૂચના કામકાજના બે દિવસ અગાઉ મળેલ નથી. આથી વિધેયકની ચર્ચા હાથ ધરી શકાય નહીં.

આ સંબંધે સભ્યશ્રી રમણભાઇ વોરા, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી શૈલેષ પરમારે પોતાના મંતવ્યો રજૂ કર્યા. માનનીય મંત્રીશ્રીએ સભાગૃહમાં વિધેયક દાખલ કરવાની પરવાનગી માગી તે સમયે સભ્યશ્રીએ વાંધો રજૂ કર્યો હોત તો ચર્ચા થઇ શકી હોત તેમજ માનનીય મંત્રીશ્રીએ વિધેયક સભાગૃહ સમક્ષ દાખલ કરી દીધેલ હોવાથી આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૧૧. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહીડાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૩ -સન ૨૦૨૬નું સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિજ્ઞેશ મેવાણી (પ્રવચન અધૂરું)

**૧૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આક્ષેપાત્મક શબ્દો દૂર કરવા અંગે.**

સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણી વિધેયક ઉપરની ચર્ચા કરી રહ્યા હતા તે દરમિયાન સભ્યશ્રી મહેશ કસવાલાએ આક્ષેપાત્મક શબ્દો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, જો કોઇ આક્ષેપાત્મક કે અસંસદીય શબ્દો હશે તો તેને કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવશે તેમ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૧૩. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીએ પોતાનું પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૨) ડૉ.દર્શિતા શાહ | (૫) શ્રી ઉમેશભાઇ મકવાણા |
| (૩) શ્રી શૈલેષ પરમાર | (૬) શ્રી અર્જુનસિંહ ચૌહાણ |
| (૪) ડૉ.સી.જે.ચાવડા | (૭) શ્રી હેમંતભાઇ આહીર |

**૧૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આક્ષેપાત્મક શબ્દો દૂર કરવા અંગે.**

સભ્યશ્રી હેમંતભાઇ આહીરે વિધેયક ઉપરની ચર્ચામાં કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વાંધો લઇ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આખા વિધેયકની ચર્ચામાં આવતા આક્ષેપાત્મક શબ્દો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા જણાવતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ આવા આક્ષેપાત્મક શબ્દો હશે તો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું.

**૧૫. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

**કલમ–૨ ઉપરનો સુધારો**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ કલમ–૨ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો અને તેના ઉપર તેમનું મંતવ્ય રજૂ કર્યું.(પ્રવચન અધૂરું)

**૧૬. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયક પરના સુધારામાં લંબાણપૂર્વક પ્રવચન કરવા અંગે**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા વિધેયકનો સુધારો રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કરી રહ્યા હતા તે દરમિયાન માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સન ૧૯૬૦ થી ૨૦૨૦ દરમિયાન ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ અગત્યના નિર્ણયો ટાંકીને વિધેયક પરના સુધારામાં પ્રથમ વાચનની જેમ પ્રવચન કરી શકાતું ન હોવાનું જણાવી ફક્ત રજૂ કરેલ સુધારા પર જ બોલી શકાય તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ આ બાબતે ફક્ત વિધેયકના સુધારા પૂરતી જ વાત કરવા માનનીય સભ્યશ્રીને જણાવ્યું.

**૧૭. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ગોપલભાઇ ઇટાલીયાએ તેમનું સુધારા ઉપરનું પ્રવચન પૂર્ણ કર્યા બાદ રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રીએ સુધારા ઉપર પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ કલમ–૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ વિધેયકનો ભાગ બની.

કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪.૫૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. અધ્યક્ષશ્રીની ટકોર**

બહારથી કાગળ લઇને ગૃહની અંદર પ્રદર્શન કરી શકાતું નથી અને આમ કરવું તે વિધાનસભાના નિયમોની વિરુદ્ધનું હોવાનું જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીને તેમ ન કરવા જણાવ્યું.

**૨. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૩. પ્રશ્નોની સંયુક્ત ચર્ચા**

તારાંકિત પ્રશ્નોમાં અગ્રતાક્રમ–૬ અને ૭ એકસરખા વિષયના હોવાથી બંને પ્રશ્નો પર સંયુક્ત ચર્ચા કરવા અંગે બંને પ્રશ્નોના પ્રભારી સભ્યોની સંમતિથી માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો અને તદનુસાર અગ્રતાક્રમ–૬ અને ૭ ની સંયુક્ત ચર્ચા કરવામાં આવી.

**૪. પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

ત્યારબાદ તારાંકિત પ્રશ્નોની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૮, ૯ અને ૧૧ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૪૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૫. વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૧–૨૦૧૨, ૨૦૧૪–૨૦૧૫, ૨૦૧૫–૨૦૧૬ અને સન ૨૦૧૮–૨૦૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કર્યા.

**૬. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૫–૨૦૨૬ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રક રજૂ કર્યા.

**૭. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬–૨૭ના વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચ્યા બાદ સન ૨૦૨૬–૨૭ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર વિધાનસભા ગૃહની વિચારણા અર્થે રજૂ કર્યું.

**સભાગૃહ, ગુરૂવાર તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨–૨૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરૂવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫,૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૮, ૧૨ અને ૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૫૯ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માનનીય અધ્યક્ષશ્રીના આદેશના ઉલ્લંઘન અંગે**

પ્રશ્નોત્તરીની ચર્ચામાં સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીને પોતાનું સ્થાન લેવા માટેની માનનીય અધ્યક્ષશ્રી દ્વારા વારંવારની વિનંતી છતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશની અવગણના કરીને પોતાના સ્થાન પર ઉભા રહીને વકતવ્ય જારી રાખતાં કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

પ્રસ્તુત મુદ્દા અંગે સભ્યશ્રી શૈલેષ પરમાર, સભ્યશ્રી મહેશભાઇ ભુરીયા તથા વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

ગુજરાત વિધાનસભાના નિયમોનું દરેક સભ્યશ્રીઓએ પાલન કરવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરવો એ સભાગૃહનું અવમાન ગણાય. આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીને માનનીય અધ્યક્ષશ્રીએ તાકીદ કરી.

**૩. પોઇન્ટ ઓફ ઇન્ફોર્મેશન**

**પ્રશ્નોત્તરીના અયોગ્ય જવાબો આપવા અંગે.**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા દ્વારા તા.૧૭, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી એમ ત્રણ દિવસની પ્રશ્નોત્તરીમાં સરકારે તેમના પ્રશ્નોના સાચા જવાબો આપેલા નથી તે અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ તેમનો મુદ્દો નામંજૂર કરતાં જણાવ્યું કે, સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાને જવાબ ભૂલ ભરેલ અને ખોટો જણાતો હોય તો ગુજરાત વિધાનસભાના નિયમો મુજબ નિયમાનુસારની અન્ય કાર્યવાહી કરી શકે છે.

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારે સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીના અનુમોદનથી તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્યશ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી જિજ્ઞેશ મેવાણી, શ્રી અમૃતજી ઠાકોર, ડૉ.કિરીટકુમાર પટેલ, શ્રી શૈલેષ પરમાર, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી ચૈતરભાઇ વસાવાએ પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ

ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૨) શ્રી સરદારભાઇ ચૌધરી
(૩) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૪) શ્રી હાર્દિક પટેલ
(૫) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૬) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૭) ડૉ.પ્રદ્યુમન વાજા (માન.મંત્રીશ્રી)

**( વિરામ બપોરના ૨–૨૪ થી ૩–૦૦ )**

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

૧. સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી વિધેયક દાખલ થઇ શક્યું નહીં.

૨. સભ્યશ્રી બાબુભાઇ જમનાદાસ પટેલે સન ૨૦૨૫નું ગુજરાત માતા–પિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

૩. સભ્યશ્રી હેમંતભાઇ આહીરે સન ૨૦૨૪નું ગુજરાત લગ્ન નોંધણી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

૪. સભ્યશ્રી અનિરુદ્ધભાઇ દવેએ સન ૨૦૨૫નું ગુજરાત સર્વધર્મ શ્રદ્ધા, પ્રતીક અને સદ્ભાવ સંરક્ષક વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી ડૉ.હસમુખ પટેલે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૨૫નું ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ સભ્યશ્રી ડૉ.પાયલ કુકરાનીએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક સર્વાનુમતે પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં હાજર ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

૩. સભ્યશ્રી હાર્દિકકુમાર પટેલે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૧–સન–૨૦૨૫નું ગુજરાત રાજ્ય રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ત્યારબાદ તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સભ્યશ્રી ચૈતન્ય દેસાઇએ ચર્ચામાં ભાગ લીધો.

**૬. માનનીય ઉપાધ્યક્ષશ્રીની ટકોર**

વિધેયકના પ્રભારી સભ્યશ્રી હાર્દિકકુમાર પટેલે વિધેયકનું પહેલા વાચન વખતે પોતાનું પ્રવચન કર્યા બાદ સભાગૃહની અનુમતિ વગર વિધેયક પાછું ખેંચી લેવાનું જણાવતાં, અધ્યક્ષસ્થાનેથી ઉપાધ્યક્ષશ્રીએ આ બાબતે ધ્યાન દોરતાં, પ્રભારી સભ્યશ્રી હાર્દિકકુમાર પટેલે પ્રથમ વાચનનો પ્રસ્તાવ ચાલુ રાખ્યો.

**૭. પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો( ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ચૈતન્ય દેસાઇએ પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂરું કર્યું.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રમત ગમત, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ડૉ.જયરામભાઇ ગામીતે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક સર્વાનુમતે પાછું ખેંચી લેવામાં આવ્યું.

૪. સભ્યશ્રી ડૉ.દર્શના દેશમુખે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૨–સન–૨૦૨૫નું ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ત્યારબાદ તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ સભ્યશ્રી ડૉ.દર્શિતા શાહે ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક સર્વાનુમતે પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૧૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**શુક્રવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૧ અને ૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૧થી ૬૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦.૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજની પ્રશ્નોત્તરીના જવાબ સહિત તા.૧૭ અને ૧૮ ફેબ્રુઆરીની તેમની પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા હોવાનો મુદ્દો ઉપસ્થિત કરેલ હતો. જેના અનુસંધાને શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પ્રશ્નને અનુરૂપ જ સાચો જવાબ હોવાની સ્પષ્ટતા કરી.

માત્ર કોઇ એક જ દ્રષ્ટિકોણથી જોઇને જવાબની પૂરતી ચકાસણી કર્યા વિના જ માત્ર આક્ષેપો કરવા યોગ્ય ન હોવાનું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**ગૃહમાં પ્રદર્શન કરવા અંગે**

આજની તારાંકિત યાદીમાંના પ્રશ્નોના અગ્રતાક્રમ–૫નો પેટા પ્રશ્ન પૂછતી વખતે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે હાથમાં પ્રવાહી ભરેલ બોટલ બતાવી કરેલ પ્રદર્શન બાબતમાં માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ વાંધો ઉઠાવી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે તેઓ નિયમોના જાણકાર હોવા અંગે તેમજ પ્રદર્શનના સ્વરૂપમાં વસ્તુ બતાવી ન હોવાનું જણાવ્યું.

પ્રસ્તુત મુદ્દે માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ તથા સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

વિધાનસભાના નિયમો અંતર્ગત બહારથી કોઇપણ વસ્તુ લાવી પ્રદર્શન કરી શકાતું નથી તેમજ માનનીય ધારાસભ્યશ્રીઓ માટે સંસદીય શિષ્ટાચાર, વર્તણૂક અને ચર્ચાના મુદ્દા સંબંધે ગુજરાત વિધાનસભાના નિયમો અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોથી નિયત થયેલ સામાન્ય નિયમો અંગેની સમજ નેવા ઇ–બુકમાં નિયમોના મથાળા હેઠળ (ક્રમાંક–૩૦) જોઇ લેવા તેમજ ભવિષ્યમાં આ પ્રકારે કોઇ પ્રદર્શન કરવામાં આવશે તો કડક પગલાં લેવાની માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર તેમજ સર્વે સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

**૪. જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીનું નિવેદન (નિયમ–૪૪)**

**''ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મૅરેજીસ એકટ ૨૦૦૬ના નિયમોમાં સુધારો કરવા અંગે''**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સરકારશ્રીને મળેલ વિવિધ રજૂઆતોને ધ્યાને લઇ ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મૅરેજીસ એકટ, ૨૦૦૬ હેઠળ બનાવેલ ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મૅરેજીસ નિયમોમાં લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સુધારો કરવા માટે સૂચનો માગવા અંગેનું નિવેદન વાંચીને રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો.**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૭–૧૮નો ગ્રામ પંચાયતોનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પંચાયત મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૨) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૩) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ગ્રામોદ્યોગ મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર**

(૪) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના ,
(૧) તા.૦૧/૧૧/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃકેપી/૨૦૨૫નો ૪૬/પીઆરએચઆરડીડી/ પીઆરસી/ઇ–ફાઇલ/૧૪/૨૦૨૫/૨૨૪૮/ચ
(૨) તા.૦૩/૦૭/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૩૧/પીઆરએચઆરડીડી/ જીઆરટી/ઇ–ફાઇલ/૧૪/૨૦૨૪/૨૧૫૧ સેકશન–જી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પંચાયત મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૬. કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૭. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૮. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારે સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીના અનુમોદનથી તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.
(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા (ચર્ચા અધૂરી)

**૯. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે.**

સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્માનું રાજ્યપાલશ્રીના સંબોધન પરનું પ્રવચન પૂરું ન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતાં, આમ આદમી પક્ષના સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા સહિત સૌ સભ્યશ્રીઓએ તેને સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો (૧૦.૪૦)

**૧૦. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું.

**(વિરામ સવારના ૧૧.૨૨ થી ૧૨.૦૦)**

**વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૩) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૪) શ્રી સી.કે.રાઉલજી
(૫) શ્રી અમૃતજી ઠાકોર
(૬) શ્રી અનિરુદ્ધ દવે
(૭) શ્રી ચૈતરભાઇ વસાવા
(૮) શ્રી ઉદયભાઇ કાનગડ
(૯) શ્રી નરેશભાઇ પટેલ (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)

**સભાગૃહ, સોમવાર તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧–૩૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક-૬**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦ ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ- ૨, ૩ અને ૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૩થી ૮૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ કલાકે પૂરો થયો.

**૨. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ-૧૨૦)**

**''વંદે માતરમ્'' ગાનની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી અંગે.**

સને ૧૮૭૫માં લખાયેલા ''વંદે માતરમ્'' ગાનને ૭મી નવેમ્બર ૨૦૨૫ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ તેની રાષ્ટ્રવ્યાપી ઉજવણી થઇ રહી છે ત્યારે આ ઉજવણીના ગૌરવમય અવસરને સૌ હૃદયથી વધાવે અને નવી ઊર્જા સાથે રાષ્ટ્રીય એકતાને અખંડ રાખવાનો સંકલ્પ કરે તે બાબતનો સંકલ્પ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી)
(૨) શ્રી શૈલેષ પરમાર
(૩) શ્રી ચૈતરભાઇ વસાવા
(૪) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૫) શ્રી જગદીશ વિશ્વકર્મા

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તુત સંકલ્પ ઉપર પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(વિરામ બપોરના ૨-૩૧ થી ૩-૦૦)**

**૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારે સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીના અનુમોદનથી તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રમણલાલ વોરા
(૨) શ્રી બલવંતસિંહ રાજપૂત
(૩) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૪) ડો. તુષાર ચૌધરી(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)(ચર્ચા અધૂરી)

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અસંસદીય શબ્દો રદ કરવા અંગે.**

રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા દરમિયાન કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરીએ બાલાસિનોર તાલુકાના જમિયતપુરા ખાતે કેમિકલ વેસ્ટની ડમ્પિંગ સાઇટ અંગેની ચર્ચા કરતાં, સભ્યશ્રી માનસિંહ ચૌહાણે આ બાબતે વાંધો લઇ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

ત્યારબાદ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાના સમર્થનમાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા તથા કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા .

આ બાબતે અગાઉ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપી દીધેલ હોઇ તેમજ જો કોઇ અસંસદીય શબ્દો હશે તો તેને કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવશે તેમ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી એ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) ડૉ.સી.જે.ચાવડા
(૬) શ્રી ઉદય કાનગડ
(૭) શ્રી ભગાભાઇ બારડ
(૮) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૯) શ્રી અભેસિંહ તડવી
(૧૦) શ્રી અમિત ઠાકર
(૧૧) શ્રી સંજય કોરડીયા
(૧૨) હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

**૬. માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ બંને પક્ષે આદિવાસી તેમજ દલિત સમાજની યોજનાઓનો ડિજિટલ ડેટા મૂકવા માટે માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેના માટે આયોજન કરવામાં આવશે અને તેની વ્યવસ્થા હોલમાં કરી આપવા તેમજ પ્રાકૃતિક ખેતી અંગેના એક સેમીનારના આયોજન અંગે પણ વિચારણા ચાલી રહી હોવાનું ગૃહને જણાવ્યું.

**૭. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારે ચર્ચાનો જવાબ આપ્યો.

**ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલ તમામ સુધારાઓ સુધારા ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, સોમવાર તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૦૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**પહેલી બેઠક**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશ મોદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૫–૨૬ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૯, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૮૬, કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, તથા પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ૪, પૂરક માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ અને ૧૨, પૂરક માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ તથા પૂરક માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, ૧૯ અને ૨૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી મુળુભાઇ બેરા
(૨) શ્રી અમૃતજી ઠાકોર
(૩) શ્રી મુકેશભાઇ પટેલ
(૪) શ્રી ભીખાભાઇ બારૈયા
(૫) શ્રી કેશુભાઇ પટેલ
(૬) શ્રી લવીંગજી સોલંકી
(૭) શ્રી રમેશભાઇ મિસ્ત્રી
(૮) શ્રી મનુભાઇ પટેલ
(૯) શ્રી ચૈતન્ય દેસાઇ
(૧૦) શ્રી શૈલેષ પરમાર
(૧૧) શ્રી કલ્પેશભાઇ પરમાર
(૧૨) શ્રી દુર્લભજીભાઇ દેથરીયા
(૧૩) શ્રી ચૈતરભાઇ વસાવા

**(વિરામ સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦ )**

**૨. ઉપાધ્યક્ષશ્રીની ટકોર.**

સભાગૃહની કાર્યવાહીના જીવંત પ્રસારણનું મોબાઇલ ફોનમાં રેકોર્ડ કરી સોશિયલ મીડિયા ઉપર ક્લિપીંગ મૂકવાના પ્રતિબંધ અંગે અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને તેના પાલન અંગે ટકોર કરી.

**૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૪) શ્રી કીરિટસિંહ ડાભી
(૧૫) શ્રી ગૌતમભાઇ ચૌહાણ
(૧૬) શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા
(૧૭) શ્રી અનિકેત ઠાકર
(૧૮) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૧૯) શ્રી સંદીપ દેસાઇ
(૨૦) શ્રી દિવ્યેશભાઇ અકબરી

**ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.**

ત્યારબાદ પૂરક માગણી નંબર–૭૯ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ૪, તથા પૂરક માગણી નંબર–૨ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ અને ૧૨ તથા પૂરક માગણી નંબર–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ તથા પૂરક માગણી નંબર–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ સભાગૃહની અનુમતિથી પરત ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકી રહેતી કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક–૭૯ અને ૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક–૮૬, ૩૯ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**(બીજી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૦થી ૫૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૩૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**ગૃહમાં સાચી માહિતી આપવા તેમજ સોશિયલ મીડિયામાં નિવેદન આપવા અંગે.**

પૂરક માગણી પરની ચર્ચા (પહેલો દિવસ)માં ભાગ લેતી વખતે સભ્યશ્રી ચૈતરભાઇ વસાવા દ્વારા જંગલ વિસ્તારમાં ફોરેસ્ટ કન્ઝર્વેશન એકટ હેઠળ મંજૂરીના પ્રશ્નો તેમજ કોન્ટ્રાકટરોનાં વાહનોની જપ્તી અંગેનો ઉલ્લેખ કરાતાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ સદરહુ મુદ્દે સત્યથી વેગળી માહિતી આપીને ગૃહને ગેરમાર્ગે દોરેલ હોવાથી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી માનનીય અધ્યક્ષશ્રી પાસે માર્ગદર્શન માગ્યું.

સદરહુ મુદ્દે સભ્યશ્રી ચૈતરભાઇ વસાવાએ ખુલાસાત્મક નિવેદન આપ્યું.

જ્યારે ગૃહમાં માહિતી આપતા હોઇએ ત્યારે પ્રજાના જવાબદાર પ્રતિનિધિ તરીકે માહિતી રજૂ કરતાં પહેલાં તેની છેલ્લી પરિસ્થિતિ ચકાસીને માહિતી રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ચૈતરભાઇ વસાવાને જણાવ્યું તથા ગૃહમાં ન ચર્ચાયેલી બાબતો સોશિયલ મીડિયામાં તેમજ પ્રિન્ટ મીડિયામાં મૂકીને ઇરાદાપૂર્વક રજૂ ન કરવા અને ભવિષ્યમાં આ બાબતે તકેદારી રાખવા સર્વે સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ તાકીદ કરી.

**૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૯, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯૮, સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૦, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨, તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩ અને ૪, પૂરક માગણી ક્રમાંક–૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫, ૬ અને ૭, પૂરક માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮, ૯, ૧૦ અને ૧૧, પૂરક માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ અને ૧૪ તથા પૂરક માગણી ક્રમાંક–૧૦૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ

કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય સાંજના ૬–૦૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી ભાનુબેન બાબરીયા
(૨) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૩) શ્રી રમણલાલ વોરા
(૪) શ્રી કનૈયાલાલ કિશોરી

**(વિરામ બપોરના ૪–૨૯ થી ૫–૦૦)**

વિરામ બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી માનસિંહ ચૌહાણ
(૬) શ્રી અરવિંદભાઇ પટેલ
(૭) શ્રી હેમંતભાઇ આહીર
(૮) શ્રી વિપુલકુમાર પટેલ
(૯) શ્રી જયંતિભાઇ પટેલ

**ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.**

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક–૪૯, ૯૮, ૭૦, ૧૦૨ અને ૧૦૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. ગિલોટીન થયેલી માગણીઓ.**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૫–૨૦૨૬ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક–૪, ૫, ૭, ૯, ૧૦, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૬૮, ૭૧, ૭૨, ૭૭, ૭૮, ૮૪, ૮૮, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૩, ૧૦૪, અને ૧૦૭ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય ઉપાધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક–૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૫૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૭ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૧થી ૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**
**પ્રાકૃતિક કૃષિ વિશેના પરિસંવાદના નિમંત્રણ અંગે**

શુક્રવાર તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦–૦૦ કલાકે વિધાનસભા ગૃહમાં પ્રાકૃતિક કૃષિ વિશે એક પરિસંવાદનું આયોજન કરેલ હોઇ, જેમાં મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત હાજર રહેવાના હોઇ સર્વે સભ્યશ્રીઓને નિમંત્રણ આપવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૬–૨૭ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૨) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૩) ડૉ.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૪) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૫) શ્રી અરવિંદ રાણા
(૬) શ્રી અમિત શાહ (પ્રવચન અધૂરું)

**( વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦ )**

ત્યારબાદ સભ્યશ્રી અમિત શાહે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી અમૃતજી ઠાકોર
(૮) શ્રી ભગવાનજીભાઇ કરગટીયા
(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૦) શ્રી હર્ષદકુમાર પટેલ
(૧૧) શ્રી લવિંગજી સોલંકી
(૧૨) ઋષિકેશ પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલનું અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા પરનું પ્રવચન પૂરું ન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં તેનો કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે વિરોધ કરતાં, પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને બહુમતીથી મંજૂર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૫. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ વૈધાનિક અને સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

**૬. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

શુક્રવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના દિવસે સવારે ૧૦-૦૦ કલાકે વિધાનસભા ગૃહમાં પ્રાકૃતિક કૃષિ વિશે એક પરિસંવાદનું આયોજન કરેલ હોઇ, તે દિવસે માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી તરફથી પ્રીતિ ભોજન અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરૂવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫-૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૯**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**ગુરૂવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. ધોરણ–૧૦ ને ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે શુભકામના**

માનનીય અધ્યક્ષશ્રીએ ધોરણ–૧૦ અને ૧૨ની પરીક્ષા આજરોજથી શરૂ થતી હોઇ, ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ વતી ખૂબ ખૂબ શુભકામના પાઠવી.

**૨. પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ (ચર્ચા અધૂરી) ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૩. સભાત્યાગ**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ–૫ના પેટા પ્રશ્નનો માનનીય મંત્રી ડૉ. મનીષાબેન વકીલ જવાબ આપી રહ્યા હતા તે દરમિયાન તેમના જવાબથી અસંતોષ વ્યક્ત કરી કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થઇ વિરોધ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીને જવાબ પૂરો કરવા દેવા અને સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર બેસી જવાની વારંવારની સૂચના આપવા છતાં કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાને અવગણીને સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

**૪. પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ–૫ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૫,૬, ૮,૧૦, ૧૧ અને ૧૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૭, ૯ અને ૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.
સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૪થી ૬૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.
પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૫. પોઇન્ટ ઓફ ઓર્ડર**

કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે વિધાનસભાના નિયમોના નિયમ–૨૮માં સ્પષ્ટ જણાવેલ છે કે માનનીય અધ્યક્ષશ્રી કહે એ સભ્ય જ બોલવા હક્કદાર છે. બીજા સભ્યોએ પોતાની જગ્યાએ બેસી જવાનું હોય છે. આપશ્રીએ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર પોતાનું સ્થાન લેવા જણાવ્યું હોવા છતા સભ્યશ્રીઓએ પોતાનું સ્થાન લીધું ન હતું. તેઓએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તકના પાન નં. ૨૫૩નો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સભ્યને સંતોષ થાય તે રીતે જ મંત્રીશ્રીએ જવાબ આપવો જોઇએ એવી અપેક્ષા રાખી શકાય નહીં. આમ અધ્યક્ષશ્રીના નિર્ણયનું ઉલ્લંઘન થાય તેવું વર્તન કરવામાં આવેલ હોવાથી આ બાબતે આપના સ્પષ્ટ નિર્દેશ આવે તે આવશ્યક છે.

પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને સમર્થન આપતાં માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ જણાવ્યું કે માનનીય મંત્રીશ્રી દ્વારા નબળા વર્ગો માટે કરેલ જોગવાઇ રેકોર્ડ ઉપર આવે નહિ તેથી સભાત્યાગ કરવામાં આવ્યો હોવાનું તેમજ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કોઇપણ મુદ્દા ઉઠાવી શકાતા નથી તેમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી રમણલાલ વોરાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

વિધાનસભાગૃહમાં જે સભ્યશ્રીને બોલવાનું કહેવામાં આવે તે જ સભ્યશ્રીએ ઊભા થઇને બોલવાનું હોય છે તેમજ પ્રશ્નનો જવાબ પોતાની ઇચ્છા મુજબનો જ મળવો જોઇએ તેવો સભ્યશ્રીએ આગ્રહ રાખવો ન જોઇએ તેવા મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે જ. તેમજ જવાબથી સંતોષ ન થાય તો ફરી પેટા પ્રશ્ન પૂછી શકાય છે તેમ છતા જવાબ યોગ્ય ન લાગે તો તે માટેની પણ વિધાનસભાના નિયમોમાં જોગવાઇ છે. પ્રશ્નોત્તરીકાળનો સમય રાજ્યની પ્રજા માટે ખૂબ અગત્યનો હોઇ તેને ગંભીરતાથી લેવા વિધાનસભા ગૃહના સર્વ સભ્યશ્રીઓને તેમજ આ સમય દરમિયાન સભાત્યાગ ન કરવા અંગે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

**૬. વિધાનસભાની સમિતના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

**૭. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય ઉપર બુધવાર, તા.૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજની અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ પટેલ
(૨) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૩) શ્રી અનંતકુમાર પટેલ
(૪) શ્રી કેશાજી ચૌહાણ
(૫) શ્રી શિવાભાઇ ગોહિલ
(૬) શ્રી મહેશ કસવાલા (પ્રવચન અધૂરું)

**( વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦ )**

ત્યારબાદ સભ્યશ્રી મહેશ કસવાલાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી ગુલાબસિંહ ચૌહાણ
(૮) ડૉ.હસમુખ પટેલ
(૯) શ્રી ચૈતરભાઇ વસાવા
(૧૦) શ્રીમતી રીટાબેન પટેલ
(૧૧) શ્રી કૌશિકભાઇ જૈન
(૧૨) શ્રી પરસોતમભાઇ પરમાર
(૧૩) શ્રી જીતુભાઇ વાઘાણી (કૃષિ મંત્રીશ્રી)

**૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનું અંદાજપત્રની સામાન્ય ચર્ચા પરનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.(૪–૪૭ કલાક)

**૧૦. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

શુક્રવાર તા.૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૯.૪૦ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રી વિધાનસભા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ માટે પધારવાના હોઇ સર્વે સભ્યશ્રીઓને કાર્યક્રમ શરૂ થાય તેની ૧૦ મિનિટ પહેલાં પોતાનું સ્થાન ગ્રહણ કરવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧–૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**શુક્રવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧–૩૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૮ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૧ થી ૧૦૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૨–૩૦ કલાકે પૂરો થયો.

**૨. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના આયોજન કરવા બદલ આભાર માનવા અંગે**

માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં મહામહિમ રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત રહીને પ્રાકૃતિક ખેતી સંદર્ભમાં માર્ગદર્શન આપવા બદલ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી, ઉપાધ્યક્ષશ્રી તથા કોંગ્રેસ પક્ષ તથા આમ આદમી પક્ષના સભ્યશ્રીઓ તથા આમંત્રિત મહાનુભાવોનો આભાર માન્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, તમામ પક્ષના સભ્યશ્રીઓ તથા રાજ્ય સરકારશ્રીનો આભાર માન્યો અને માનનીય કૃષિ મંત્રીશ્રીને આ કામ માટે સફળતા મળે તેવી શુભકામનાઓ પાઠવી. .

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો.**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.મનીષા વકીલ**

(૨) ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

(૧) સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૨) સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી રમેશભાઇ કટારા**

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

(૪) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની

સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૫) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ.

**માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી પૂનમચંદ બરંડા**

(૬) ગુજરાત સ્ટેટ ડેમ સેફટી ઓર્ગેનાઇઝેશનનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

(૧) શ્રી ગણપતસિંહ વસાવા
(૨) શ્રી અમીત ચાવડા
(૩) શ્રી માવજીભાઇ દેસાઇ
(૪) શ્રી હેમંતભાઇ આહીર
(૫) શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (માન. વન અને પર્યાવરણ મંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

**૫. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાનું બજેટ પરનું પ્રવચન પૂરું ન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો (૩–૫૬ કલાક)

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

**( વિરામ બપોરના ૪–૦૬ થી ૪–૩૦ )**

**૭. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

**(૧) માનનીય સભ્યશ્રી અમુલ ભટ્ટનો સંકલ્પ (૬૦ મિનિટ)**

**''સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા'' અંગે**

સભ્યશ્રી અમુલ ભટ્ટે ''રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટીના સહયોગથી સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા અંગેની યોજનામાં રમતજગત સાથે સંકળાયેલા વિવિધ એજન્સીઓ, રમતગમતના ક્ષેત્ર સાથે સંકળાયેલા નીતિજ્ઞો તેમજ ઉદ્યોગ સાહસિકોને એક મંચ પર લાવીને સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ સંકલ્પ પરના પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ બિન–સરકારી સંકલ્પ અને તેના પર રજૂ થયેલ સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ સભ્યશ્રી અમુલ ભટ્ટે પ્રસ્તુત સંકલ્પના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૨) શ્રી કેયુર રોકડીયા
(૩) ડૉ.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૪) શ્રી યોગેશભાઇ પટેલ

ચર્ચાનો જવાબ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી ડૉ.જયરામભાઇ ગામીતે આપ્યો.

ત્યારબાદ સુધારા મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(૨) '' સોમનાથ સ્વાભિમાન પર્વ'' નો સંકલ્પ સભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.**

**(૩) માનનીય સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરીનો સંકલ્પ (૬૦ મિનિટ)**

સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરીએ ''વડાપ્રધાનશ્રીના સ્વાવલંબી ભારતની ઝૂંબેશને રીજનલ વાયબ્રન્ટ ગુજરાત થકી અર્થતંત્ર,ઈન્ફ્રાસ્ટ્રકચર, સિસ્ટમ, વાયબ્રન્ટ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ જેવા પાંચ સ્તંભના આધારે વધુ વેગવંતી બનાવવા'' અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

(૧) ડૉ.સી.જે.ચાવડા

**૮. માનનીય ઉપાધ્યક્ષશ્રીની સૂચના**

અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ ગૃહને વાકેફ કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષમાંથી કોઇ સભ્ય ગૃહમાં હાજર ન હોય આ સંકલ્પ પર કોંગ્રેસ પક્ષને સમય ફાળવવાનો રહેતો નથી.

**૯. બિન-સરકારી સંકલ્પ (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો

(૨) શ્રી મહેશ કસવાલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ.જયરામભાઇ ગામીતે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શનિવાર તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬-૦૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક-૧૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**શનિવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શનિવાર, તા ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ-૧,૬ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૨થી ૮૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦-૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળ**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઇલેક્ટ્રીકલ પવર એન્ડ કો-ઓર્ડિનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૧૮/૦૨/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક- ઘઇ/૨૦૨૬-૧૦/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

**માનનીય ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૩. સરકારી વિધેયક**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**૪. પૂરક વિનિયોગના મુદ્દા સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્ર પરના ચોથા અને છેલ્લા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ-૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે જે ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ૨ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે પૂરક વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

**૫. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાને સંબંધિત મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવા અંગે**

માન.નાણામંત્રીશ્રી દ્વારા પૂરક વિનિયોગ વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યા બાદ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી જણાવ્યું કે, આજના પૂરક વિનિયોગ વિધેયક પર રજૂ થયેલ મુદ્દાઓ ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓને લગતા હોઇ ગૃહમાં તેના પર ચર્ચા કરી શકાતી નથી. લોક પ્રતિનિધત્વ ધારા ૧૯૫૦ની કલમ-૧૩(એ) તેમજ પેટા કલમ-(૨) ટાંકીને તેઓએ જણાવ્યું કે, સંસ્થાના ચીફ ઇલેક્ટરોલ અધિકારીને ઇલેકશન કમિશન નોમીનેટ કરે છે તેમજ મતદાર યાદી તૈયાર કરવી, રીવાઇઝ કરવી કે સુધારણાની કામગીરી કરવી એ ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં આવતું હોવાથી તેમજ કલમ-૧૫ની જોગવાઇ અનુસાર વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીની કામગીરી કરવાની થતી હોવાથી ચૂંટણી પંચના સંદર્ભમાં અન્ય કોઇ મુદ્દા ગૃહમાં રજૂ કરી શકાતા નથી તેમજ સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ ભાગ-૧ના પાના નં.૪૦૯નો ઉલ્લેખ કરી જણાવ્યું કે જાહેર સેવા પંચ જેવી સંસ્થાઓને લગતા પ્રશ્નો સંબંધમાં ગુજરાત

વિધાનસભાના નિયમમાં કોઇ જોગવાઇ ન હોવાનું જણાવ્યું. તેઓએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પાના નં.૫૩ પરનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, ચૂંટણી પંચ જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી તેમજ નિયમો અનુસાર બાબત રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી થતી ન હોઇ તે બાબતની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી ઉપરાંત આજના મુદ્દાઓમાં (૧) શ્રી જિજ્ઞેશભાઇ મેવાણી (૨) શ્રી અમૃતજી ઠાકોર અને (૩) શ્રી ચૈતરભાઇ વસાવાના મુદ્દાઓ ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં આવતા હોવાનું જણાવી આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સભ્ય ડૉ.કિરીટકુમાર પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડરના વિરુદ્ધમાં બંધારણીય સત્તાના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી ન શકાય, પરંતુ આ અંગેના વહીવટી કાર્યક્ષેત્ર પરના મુદ્દા ઉઠાવી શકાતા હોવાનું જણાવ્યું.

સભ્યશ્રી અમીત ચાવડાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના વિરુદ્ધમાં S.I.R.ની પ્રક્રિયામાં જ્યાં રાજ્ય સરકારનું તંત્ર સામેલ હોય તો તેની ચર્ચા થઇ શકે. માત્ર ચૂંટણી પંચની સ્વાયત્તાનો મુદ્દો આગળ ધરી ચર્ચા ન કરવા દેવી યોગ્ય ન હોવાનું જણાવ્યું.

સભ્યશ્રી રમણલાલ વોરાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં રાજ્ય સરકારે જે કામગીરી કરવાની થતી હોય તે ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ કરવાની થતી હોવાનું જણાવ્યું.

સભ્યશ્રી શૈલેષ પરમારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાના નં.૫૩ થી ૫૬નો ઉલ્લેખ કરી બંધારણની કલમ-૩૨૪ હેઠળ પ્રાથમિક જવાબદારી કેન્દ્ર ચૂંટણી પંચની છે. બંધારણની કલમ-૨૪(છ) અને ૨૪૩(ઝેડ)(એ) મુજબ સ્થાનિક ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય ચૂંટણી પંચને આપેલ હોઇ તેમજ વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ અધ્યક્ષશ્રીએ સંમતિ આપેલ હોવાથી તેમજ આજના કામકાજની યાદીમાં વિધેયક પ્રસિદ્ધ થયેલ હોવાથી ત્રણેય સભ્યોને ચર્ચામાં ભાગ લઇ શકે તેવું મંતવ્ય વ્યક્ત કર્યું.

સભ્યશ્રી ચૈતરભાઇ વસાવાએ વિનિયોગ વિધેયક પરના મુદ્દા ઉપર અધ્યક્ષશ્રીએ અનુમતિ આપેલ હોવાથી ચર્ચામાં ભાગ લેવા માટે સમય ફાળવવા વિનંતી કરી.

સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરના વિરુદ્ધમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના વિરુદ્ધમાં એસ.આઇ.આર.ની કામગીરી કરવા માટે સરકારને જે ખર્ચ ભોગવવો પડયો છે તેને વિનિયમિત કરાવવા માટેનું આ બિલ હોવાથી તેના માટે જે વહીવટી પ્રક્રિયામાં કોઇ ખામી હોય તો તેના ઉપર સભ્યશ્રીને ચર્ચા માટે પરમિશન આપવી જોઇએ તેવું મંતવ્ય વ્યક્ત કર્યું.

સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના વિરુદ્ધમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવ્યો હોવાથી તેમાં કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો ગૃહના સભ્યને તેમાં સૂચન કરવાનો અધિકાર છે હોવાનું જણાવ્યું.

તા.૧૦/૩/૨૦૦૮ના રોજ સન ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં હિસાબી સદર ૨૦૧૫માં પૂરક માગણી ક્રમાંક-૩૧ અને ખર્ચના પૂરક પત્રક પાના નં.૬૦ ઉપર ચૂંટણી સંબંધે પૂરક જોગવાઇ અન્વયે માનનીય અધ્યક્ષશ્રીએ અગાઉના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો ટાંકીને માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાને દાખલ કર્યો હોવાનું જણાવી ચૂંટણી પંચ બંધારણીય સ્વાયત્ત સંસ્થા હોવાથી ચૂંટણી અને ચૂંટણીની દેખરેખ, દોરવણી નિયંત્રણની કામગીરી કરતું હોવાથી મતદાર યાદી સુધારાની વૈધાનિક કામગીરી ચૂંટણી સંચાલન, દેખરેખ, દોરવણી અને નિયંત્રણોનો ઉલ્લેખ ન કરવા, એસ.આઇ.આર.ની નામજોગ અને તેને ચૂંટણી પંચને સાંકળીને કોઇ બાબત તેમજ ચૂંટણી પંચની નિષ્ક્રિયતા, ચૂંટણી પંચના નિર્ણયો, મોડલ કોડ ઓફ કન્ડક્ટ અંગેની કામગીરી, નોટિફિકેશનથી માંડી પરિણામ સુધીની કામગીરીનો ઉલ્લેખ ચર્ચા દરમિયાન ગૃહમાં કરી શકાતો નથી તેમ જણાવી ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ વહીવટી તંત્રની ચર્ચા ગૃહમાં કરતી વખતે પણ ચૂંટણી પંચની વૈધાનિક અને બંધારણીય કામગીરીની ચર્ચા ન કરવા તેમજ ચૂંટણી પંચની સ્વાયત્તા કે સ્વતંત્રતા ઉપર આક્ષેપ કરવાથી સભ્યશ્રીઓને દૂર રહેવા જણાવી અગાઉ દાખલ કરેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા પરવાનગી આપી.

**૬. સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ચૈતરભાઇ વસાવા
(૨) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૩) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૪) શ્રી અમૃતજી ઠાકોર

**૭. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે પૂરક વિનિયોગ વિધેયક પરનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો (૧૦-૫૨ કલાક)

**૮. સરકારી વિધેયક (ક્રમશઃ)**

વિધેયકના પહેલા વાચનની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**( વિરામ સવારના ૧૧–૦૨ થી ૧૧–૩૦ )**

**૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

(૧) શ્રી રમણલાલ વોરા
(૨) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૩) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૪) શ્રી ઇમરાન ખેડાવાલા
(૫) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૬) શ્રી રાકેશ દેસાઇ
(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**હોળી–ધૂળેટી પર્વની શુભકામના પાઠવવા અંગે.**

માનનીય અધ્યક્ષશ્રીએ આગામી તા.૩ અને ૪ માર્ચના રોજ હોળી અને ધૂળેટીના પાવન પર્વ નિમિત્તે ગૃહના તમામ સભ્યશ્રીઓ અને ગુજરાતની પ્રજાને શુભકામનાઓ પાઠવી.

**સભાગૃહ, સોમવાર વાર તા. ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦વાગ્યે ફરી મળવા માટે સાંજના ૧–૧૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા**

ગઇકાલે અમદાવાદ ખાતે T –20 વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા બદલ ભારતીય ક્રિકેટ ટીમને સૌ ધારાસભ્યશ્રીઓ અને ગુજરાતની જનતા વતી માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં અભિનંદન પાઠવ્યા.

**૨. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૧૫થી ૭૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

**''સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે.''**

વિધાનસભા ગૃહમાં કેટલાક સભ્યશ્રીઓ વાંચીને પ્રશ્નો પૂછતા હોવાથી તેમજ માનનીય મંત્રીશ્રીઓ દ્વારા વાંચીને જવાબ આપવામાં આવતો હોવાથી વિધાનસભાના નિયમોના નિયમ–૩૮ નો ઉલ્લેખ કરી માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં પ્રવચન વાંચી શકાતું નથી તેમજ હાઉસ ઓફ કોમન્સની સંસદીય પ્રણાલીને ભારતના સંસદગૃહો તથા અન્ય રાજ્યોની ધારાસભાઓ અને આપણી વિધાનસભાએ સ્વીકારેલી હોવાથી પણ સભ્યશ્રીઓએ તેમનું પ્રવચન તેમજ પૂરક પ્રશ્નો વાંચીને રજૂ કરવા દેવામાં આવતા નથી તેમજ લોકસભાના નિયમોના નિયમ–૩૫૨(૧૧)ની જોગવાઇ મુજબ લોકસભામાં પણ પ્રવચન વાંચવા દેવામાં આવતું ન હોવાનું જણાવી વિધાનસભાના નિયમો અને આપણી પ્રણાલિકાને વળગી રહીને આપણી સંસદીય પરંપરાઓમાં બાધ ન આવે તે આશયથી માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ ટેબ્લેટની અંદરથી ફકત મુદ્દાઓનું વાંચન કરી શકે, પરંતુ આખેઆખું પ્રવચન ન વાંચવા સભાગૃહના સૌ સભ્યો તેમજ માનનીય મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**છપાયેલા પ્રશ્ન પૂછવા તેમજ તેના જવાબ આપવા અંગે**

વિધાનસભાના નિયમોના નિયમ–૭૮ મુજબ પ્રશ્ન તેમજ તેના જવાબ લેખિતમાં છાપેલા હોવા છતા સભ્યશ્રીઓ દ્વારા તે પ્રશ્ન પૂછવા અંગે તેમજ મંત્રીશ્રી દ્વારા તેનો જવાબ આપવા અંગેનો સભ્યશ્રી શૈલેષ પરમારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, સભાગૃહનો સમય વ્યતિત ન થાય તે માટે પ્રશ્નો તેમજ જવાબ લેખિતમાં છપાયેલ હોય તે સિવાયના જ પૂરક પ્રશ્નો પૂછવા માન.સભ્યશ્રીઓને અને તેના જ જવાબો આપવા માન.મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૫. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ. ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ડૉ.તુષાર ચૌધરી, શ્રી જગદીશ વિશ્વકર્મા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી, શ્રી અમિત ચાવડા, શ્રી ધવલસિંહ ઝાલા એ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું

**૬ સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના માનમાં વિધાનસભાની પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન કરતાં તદ્ઘનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, મંગળવાર તા. ૧૦મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૯મી માર્ચ, ૨૦૨૫

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક-૧૩**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૬**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

તા.૨૮-૦૨-૨૦૨૬ના રોજ તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ-૯ની ચર્ચા દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી કાંતિભાઇ ખરાડી દ્વારા તેમના મતવિસ્તારના અમુક છેવાડાના ગામોમાં વીજળીકરણ ન થવા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરેલ, જેથી માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય ઊર્જા મંત્રીશ્રીને આ બાબતે જરૂરી તપાસ કરીને હકીકતલક્ષી અહેવાલ સભાગૃહમાં રજૂ કરવા જણાવેલ, જેના અનુસંધાનમાં માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે તે અંગેની તપાસ કરીને સદરહુ ગામોમાં વીજળીકરણ પૂર્ણ થઇ ગયેલ હોવાનું અને પૂરતા વોલ્ટેજથી વીજળી મળી રહી હોવાની હકીકતલક્ષી માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહના સર્વે સભ્યશ્રીઓને સત્યથી વેગળી માહિતી રજૂ કરીને સભાગૃહને ગેરમાર્ગે ન દોરવા તથા માનનીય ઊર્જા મંત્રીશ્રીને સમયમર્યાદામાં તપાસ કરીને સભાગૃહમાં અહેવાલ રજૂ કરવા બદલ અભિનંદન આપ્યા.

૨. **માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬-૨૭ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૯ ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક-૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

૩. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યશ્રીઓએ સભાગૃહમાં ચર્ચા દરમિયાન હાજર રહેવું તે રાજ્ય પ્રત્યેની ચૂંટાયેલા પ્રતિનિધિની આપણી જવાબદારી ગણાય તેમ જણાવી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરીને પોતાના પક્ષના સભ્યશ્રીઓને આ બાબતની સૂચના આપવા જણાવ્યું.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ)(ક્રમશઃ)**

પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૧, તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૪, તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૮ ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થઇ તેમ તેમ માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬, ૧૯ અને ૨૧, માગણી ક્રમાંક- ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક-૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩, ૩૬, ૩૭, ૩૯, ૪૧ અને ૪૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૨) શ્રી ભીખુસિંહજી પરમાર
(૬) શ્રી કેયુર રોકડીયા
(૭) શ્રીમતી રીટાબેન પટેલ

(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રી અરવિંદભાઇ પટેલ
(૫) ડૉ.સી.જે.ચાવડા
(૮) ડૉ.પાયલ કુકરાની
(૯) શ્રી જીતેન્દ્રકુમાર પટેલ

**(વિરામ ૧૧-૦૦ થી ૧૧-૩૦)**

વિરામ બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૧૧) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૧૨) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૩) શ્રી અમૃતજી ઠાકોર
(૧૪) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૫) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૬) શ્રી લક્ષ્મણજી ઠાકોર
(૧૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૮) શ્રી સ્વરૂપજી ઠાકોર (રાજ્યકક્ષાના ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી)

ત્યારબાદ ચર્ચાનો જવાબ ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહન વ્યવહાર અને રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ આપ્યો.(પ્રવચન અધૂરું)

**૫. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧.૨૧ કલાક)

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો ચર્ચાનો જવાબ ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહન વ્યવહાર અને રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પૂરો કર્યો.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

વિભાગવાર માગણીઓ મંજૂર થતાં પહેલાં બજેટની જોગવાઇના અનુસંધાનમાં ટૂંકા પ્રશ્નો સભ્યશ્રીઓ દ્વારા પૂછવામાં આવતાં અને વિભાગના સચિવશ્રી દ્વારા પ્રજાના પ્રશ્નોની પ્રાયોરિટી મુજબ તેની નોંધ લેવા તેમજ નાણાંકીય ઉપલબ્ધતાના આધારે જો જોગવાઇ ન થઇ શકે તો વિધાનસભા સચિવાલયને તેની જાણ કરવા તથા પૂછાયેલા પ્રશ્નોના સંદર્ભમાં વિધાનસભા સચિવાલય દ્વારા પણ સમયાંતરે ફોલોઅપ લેવામાં આવશે તેવી માનનીય અધ્યક્ષશ્રીએ વિભાગના સચિવશ્રીઓને સૂચના આપી.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક-૪૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક- ૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૪, માગણી ક્રમાંક ૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬, ૧૯ અને ૨૧, માગણી ક્રમાંક ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧ અને ૩૨, તથા માગણી ક્રમાંક-૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩, ૩૬, ૩૭, ૩૯, ૪૧ અને ૪૨ મત ઉપર મૂકવામાં આવી અને તેઓ અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૪૯, ૫૧, ૭૪ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧-૫૩ વાગ્યે મુલતવી રહ્યું.**
**તા.૧૦મી માર્ચ, ૨૦૨૬**

**(બીજી બેઠક )**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૧૦મી માર્ચ, ૨૦૨૬(બીજી બેઠક)ની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા તથા પ્રશ્ન અગ્રતાક્રમ–૧૩ સભ્યશ્રીનું અવસાન થયેલ હોવાથી અગાઉથી રદ કરવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૫થી ૭૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૩૦ કલાકે પૂરો થયો.

**૨. માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલનો પ્રસ્તાવ**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે,

''આ સભાગૃહ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ગુજરાત વિધાનસભાના ૧૫–૧૫ સભ્યોની ચૂંટણીથી નિમણૂંક માટેની કામગીરી હાથ ધરે''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૩ માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**
**સમિતિઓની બેઠકોની ચૂંટણી માટેનો કાર્યક્રમ.**

અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૪. કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ)**

કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૦ માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે રજૂ કરી, જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહીડાએ રજૂ કરી.

માગણીઓ જેમ–જેમ રજૂ થતી ગઇ તેમ–તેમ માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, અને ૧૫, માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ તથા માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮ અને ૪૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.તુષાર ચૌધરી (કોંગ્રેસ
પક્ષના નેતાશ્રી)

**૭. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો દૂર કરવા અંગે**

માગણીઓ પરની ચર્ચા દરમિયાન કૉંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરીએ ઉચ્ચારેલા શબ્દો અંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ વાંધો લઇ આધાર પુરાવા માગતાં માનનીય અધ્યક્ષશ્રીએ આવી કોઇ બાબત રેકર્ડ ઉપર હોય તો તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી દેવાભાઇ માલમ
(૩) શ્રી અનિરુદ્ધ દવે
(૪) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૫)શ્રી કિરીટકુમાર પટેલ

**(વિરામ ૪–૩૨ થી ૫–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ચિરાગકુમાર પટેલ
(૭) શ્રી હેમંતભાઇ આહીર
(૮) શ્રી અનિકેત ઠાકર
(૯) શ્રી શૈલેષ પરમાર
(૧૦) શ્રી દિનેશસિંહ કુશવાહા
(૧૧) શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડા તથા માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો. (ચર્ચા અધૂરી)

**૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કૉંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૬.૫૪)

**૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, અને ૧૫, માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ તથા માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૨, ૧૩,૭૦, ૭૮, અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

તા. ૧૧મી માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૬–૦૦ વાગે મલ્ટીપર્પઝ હોલ, નવા એમ.એલ.એ.ક્વાર્ટર, સેક્ટર–૧૭, ગાંધીનગર ખાતે મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ માટે યોગ સંવાદ કાર્યક્રમ તથા તા.૧૨ અને ૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૬–૩૦ કલાકથી ૮–૩૦ કલાક સુધી યોગ શિબિરના આયોજન અંગેની

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી

**સભાગૃહ, બુધવાર તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭–૩૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૦મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક-૧૪**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૧૧મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ (ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

પ્રશ્નોત્તરીનો એક કલાકનો સમય એ પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટેનો હોઇ કોઇપણ સભ્યએ પોતાના સ્થાન પર બેઠાં બેઠાં કોમેન્ટ ન કરવા અને કોઇપણ પ્રકારની રાજકીય ટીકા-ટિપ્પણી કર્યા સિવાય ટૂંકમાં જ પ્રશ્નો પૂછવા તેમજ તેનો ટૂંકમાં જ જવાબ આપવા તમામ માનનીય સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ-૮ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક- ૯ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૦થી ૧૦૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરી કાળનો સમય વ્યતિત ન કરવા અંગે**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો વર્ષ ૨૦૦૮થી ૨૦૧૨ના પુસ્તકનો ઉલ્લેખ કરી પ્રશ્નોત્તરીકાળ એ સભ્યશ્રીઓના પોતાના મતવિસ્તારના પ્રશ્નોને વાચા આપવા માટેનો અતિ મહત્ત્વનો હોવાથી તેનો દુરુપયોગ ન કરવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રીશ્રી જીતુ વાઘાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા.

વિધાનસભા ગૃહની કાર્યવાહી સૂચારું રીતે ચાલે તે આપણા બધાની સંયુક્ત જવાબદારી હોવાનું જણાવી લાંબા અને રાજકીય અવલોકનો સાથેના પ્રશ્નો ન પૂછવા અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ થઇ શકે તેવા જ પ્રશ્નો પૂછવા અને પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં અને મુદ્દાસર જવાબ આપવા તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયના પુસ્તકના પાન નં. ૨૬૦ ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યારે રજૂ કરી શકાય તેના નિયમો જોઇ જવા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહના સર્વ સભ્યશ્રીઓ તેમજ માનનીય મંત્રીશ્રીઓને જણાવી સભ્યશ્રી ઇટાલીયાનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવ્યું.

**૫. વિશેષાધિકાર ભંગનો મુદ્દો**

માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુ વાઘાણીએ માન.અધ્યક્ષશ્રીએ અગાઉ આપેલા નિર્ણયનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, પ્રશ્નોત્તરીનો જે પ્રશ્ન ચર્ચાયો ન હોય એટલે કે સરકારનો પક્ષ માન.મંત્રીશ્રી તરફથી રખાયો ન હોય તેનું પ્રેસ કે મીડિયા સમક્ષ નિવેદન આપી શકાતું નથી. માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ ગઇકાલની પ્રશ્નોત્તરીના ૨૫ નંબરના પ્રશ્નની પ્રેસ-મીડિયા સમક્ષ નિવેદન આપીને સભાગૃહનું અવમાન કરી વિધાનસભાના તેમજ અધ્યક્ષશ્રીના વિશેષાધિકારનો ભંગ કર્યો છે તેમ જણાવી વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

પ્રસ્તુત મુદ્દે સભ્યશ્રી શૈલેષ પરમાર, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા અને સભ્યશ્રી અમિત ચાવડાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે વિગતવાર અભ્યાસ કરીને હવે પછી આ અંગેનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ તથા ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૦ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ તથા માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૨) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૩) શ્રી અમિત શાહ
(૪) શ્રી અલ્પેશ ઠાકોર
(૫) શ્રી અમુલ ભટ્ટ

**(વિરામ બપોરના ૨–૩૧થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી દિનેશભાઇ ઠાકોર
(૭) શ્રી ઉદયભાઇ કાનગડ
(૮) શ્રી ચૈતરભાઇ વસાવા
(૯) શ્રી હર્ષદભાઇ પટેલ
(૧૦) શ્રી જયંતિભાઇ પટેલ
(૧૧) શ્રી અમિત ઠાકર

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે માનનીય મંત્રીશ્રીનો માગણી ઉપરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૩૯)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ તથા માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩, ૪૪ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૨મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬

**ક્રમાંક–૧૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**ગુરૂવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૨૬**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)**

શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૭ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪, ૫, ૭, ૧૪, ૧૫ અને ૧૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

કાપ દરખાસ્ત રજૂ કરનાર વિપક્ષના સભ્યશ્રીઓ ગેરહાજર હોઇ સભ્યશ્રીઓએ સભાગૃહમાં ચર્ચા દરમિયાન હાજર રહેવું તે રાજ્ય પ્રત્યેની ચૂંટાયેલા પ્રતિનિધિની જવાબદારી ગણાય તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરીને આ બાબતની પોતાના પક્ષના સભ્યશ્રીઓને સૂચના આપવા જણાવ્યું.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૧ માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ રજૂ કરી. અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૬ માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલે રજૂ કરી તથા મહિલા અને બાળવિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળવિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૫ રાજ્યકક્ષાના માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ.મનીષા વકીલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮, ૧૯, ૨૪ અને ૨૬ માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨, ૩૩, ૩૪ અને ૩૬ તથા માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧, ૪૩ અને ૪૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૨) શ્રી વિજયભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી)
(૩) શ્રી કુંવરજીભાઇ હળપતિ
(૪) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૫) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૬) શ્રી જીતુભાઇ ચૌધરી
(૭) શ્રી જયંતિભાઇ રાઠવા
(૮) શ્રીમતી સેજલબેન પંડયા
(૯) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા
(૧૦) શ્રી અનંતકુમાર પટેલ

**(વિરામ ૧૧–૦૦ થી ૧૧–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રીમતી કંચનબેન રાદડીયા
(૧૨) શ્રી ચૈતરભાઇ વસાવા
(૧૩) શ્રી માવજીભાઇ દેસાઇ

ત્યારબાદ ચર્ચાનો જવાબ મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય રાજ્ય કક્ષાના મંત્રી ડૉ.મનીષા વકીલે તથા આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને ગ્રામ વિકાસ પ્રભાગના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો (ચર્ચા અધૂરી)

**૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧.૧૬ કલાક )

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા ગ્રામ વિકાસ પ્રભાગના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૫૭ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ તથા માગણી ક્રમાંક–૧૦૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧, ૪૩ અને ૪૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલી કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૫૭, ૭૧, ૯૩, અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨–૦૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**તા.૧૨મી માર્ચ, ૨૦૨૬**
**(બીજી બેઠક )**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા ૧૨મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ –૩, ૬ (ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. અધ્યક્ષશ્રીનું સૂચન**

મે અને જૂન મહિનામાં મચ્છરોનો ઉપદ્રવ થતો અટકાવવા મેલેરિયા નાબૂદી માટે ખાસ ડ્રાઇવ કરવા અંગેનું સૂચન માનનીય અધ્યક્ષશ્રીએ આરોગ્ય વિભાગને કર્યું.

**૩. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ–૬ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક–૬ ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૫ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૪, ૫, ૧૧ અને ૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૧૬થી ૬૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૩૦ કલાકે પૂરો થયો.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

**૫. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છટ્ઠો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫ તથા મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮, ૨૦ અને ૨૧, માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ તથા માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦, ૩૧ અને ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ર્ચામાં ભાગ લીધો.

(૧)ડૉ.કિરીટકુમાર પટેલ(કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી)

(૨) શ્રી જગદીશભાઇ મકવાણા (નાયબ મુખ્ય દંડકશ્રી)

(૩) શ્રી વિમલભાઇ ચુડાસમા

(૪) ડૉ.સી.જે.ચાવડા

(૫) શ્રી રમેશભાઇ મિસ્ત્રી

**(વિરામ ૪–૩૧ થી ૫–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી મહેશભાઇ કસવાલા

(૭) શ્રી હેમંતભાઇ આહીર

(૮)શ્રી સંદીપ દેસાઇ

(૯) શ્રી માવજીભાઇ દેસાઇ

(૧૦) શ્રી સુખાજી ઠાકોર

(૧૧) શ્રી ધવલસિંહ ઝાલા

(૧૨) શ્રી બલરાજસિંહ ચૌહાણ

(૧૩) શ્રી કાળુભાઇ ડાભી

ત્યારબાદ ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઇ મકવાણાએ માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને આમ આદમી પક્ષના દંડકશ્રી ચૈતરભાઇ વસાવાએ સમર્થન આપતા, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.( સાંજના ૬.૪૦ કલાક)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છટ્ઠો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૯, ૧૩, ૧૫ અને ૧૬ તથા માગણી ક્રમાંક–૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫, ૨૭ અને ૨૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલી કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૨, ૩, ૪, ૫ અને ૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭–૪૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૩, ૫, ૬, ૮, ૯, ૧૦ ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ– ૧, ૨, ૪ અને ૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૫થી ૧૨૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાનું નિવેદન (નિયમ–૪૪)**

**''રાજ્યમાં વૃક્ષ આવરણ (Green Cover) વધારવા અંગે ''**

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્રીન કવર વધારવા ''**એક પેડ માં કે નામ**''ના કાર્યક્રમ મારફતે વૃક્ષારોપણને જનઆંદોલનમાં પરિવર્તિત કરવાની પહેલ કરી હોવાથી અને વિઝન–૨૦૪૭ને ધ્યાને લઇ ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીન, પડતર જમીન અને અન્ય ઉપલબ્ધ બિનઉપયોગી વિસ્તારોમાં સુવ્યવસ્થિત આયોજન કરી મોટાપાયે વનીકરણની કામગીરીઓ હાથ ધરવા તથા રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે લોકભાગીદારી અભિગમ (PPP) મોડલ હેઠળ રાજ્યના વૃક્ષ આવરણ વિસ્તારને વધારવા અંગેનું નિવેદન વાંચીને રજૂ કર્યું

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

**માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૩) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી રમેશભાઇ કટારા**

(૪) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨–૨૩ થી ૨૦૨૪–૨૫ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના પોલીસ હાઉસિંગ મંત્રીશ્રી કમલેશભાઇ પટેલ**

(૫) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના સન ૨૦૧૯–૨૦ થી ૨૦૨૧–૨૨ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.મનીષા વકીલ**

(૬) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.મનીષા વકીલ**

(૭) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના સન ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.મનીષા વકીલ**

(૮) ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૨૦–૨૧ના વાર્ષિક હિસાબો અને તેના પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૯) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૪–૨૫નું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૨૫–૨૬નું અંદાજપત્રક.

**માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૦) ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૧) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ.

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી**

(૧૨) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. મનીષા વકીલ**

(૧૩) સન ૨૦૨૧ના અંતર્દેશીય જલયાન અધિનિયમ અન્વયેના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના જાહેરનામાં:

(૧) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૮/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ–૧

(૨) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૯/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ–૧

(૩) તા.૨૩/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૧/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ–૧

(૪) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૨/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ–૧

(૫) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૩/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ–૧

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૧૪) તા.૧૭–૦૨–૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમારના ''અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૮/૩૩૬ (અગ્રતા–૯) ના અનુસંધાને વધારાની માહિતી.

**માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડા**

**૪. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧, ૩ અને ૭ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૨, અન્નને લગતી સેવા અંગેની અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના મંત્રીશ્રી રમણભાઇ સોલંકીએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૩) શ્રી હર્ષદકુમાર પટેલ
(૪) શ્રી ધવલસિંહ ઝાલા
(૫) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોને લગતી બાબતોના મંત્રીશ્રી રમણભાઇ સોલંકીએ આપ્યો.(પ્રવચન અધૂરું)

**૬. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે.**

સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે બપોર બાદ બિન–સરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી માનનીય મંત્રીશ્રીનો માગણી પરની ચર્ચાનો જવાબ તથા મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતાં, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમિત ચાવડાએ તેને સમર્થન કરતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો (બપોરના ૨.૧૫)

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના મંત્રીશ્રી રમણભાઇ સોલંકીએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨ અને ૨૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨–૩૫ થી ૩–૦૦)**

**૮. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી અમિત ચાવડાએ સન ૨૦૨૫નું ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૬નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

(૩) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

(૪) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૬નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

(૫) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૬નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

**(૨) બિન સરકારી સંકલ્પો**

**(૧) માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીનો સંકલ્પ (૫૮ મિનિટ)**

**'' સોમનાથ સ્વાભિમાન પર્વ'' ની ઉજવણી અંગે**

સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીએ ''સોમનાથ સ્વાભિમાન પર્વ કે જે ભારતની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક સ્વાભિમાન અને ઐતિહાસિક ચેતનાનું રાષ્ટ્રીય અભિયાન બનેલ છે તેને સૌ ગૌરવભેર વધાવી દેશભરમાં આધ્યાત્મિક એકતા, સાંસ્કૃતિક ગૌરવની ભાવના ફેલાવવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૨) શ્રી ભગાભાઇ બારડ
(૩) શ્રી અનિરુદ્ધ દવે

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(૨) માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલનો સંકલ્પ (૫૮ મિનિટ)**

**''VB-G RAM G ''યોજનાના અમલીકરણ અંગે.**

સભ્યશ્રી બાબુભાઇ પટેલે '' ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા માટે અમલમાં લાવવામાં આવેલ ''VB-G RAM G'' યોજના ગ્રામીણ ભારતને સશક્ત બનાવીને દેશને વિકસિત બનાવવાના સ્વપ્નને સાકાર કરનારી યોજના બની રહે તે સંબંધમાં અસરકારક પગલાં ભરવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૨) શ્રી ઋષિકેશ પટેલ (માન. પંચાયત મંત્રીશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શનિવાર તા. ૧૪મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪-૫૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬

**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**શનિવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શનિવાર, તા ૧૪મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૨ અને ૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

સમૃદ્ધ ગુજરાતે કુપોષણ બાબતમાં સારું એવું કામ કરેલ હોવા છતાં આંગણવાડી બહેનો જ્યારે આહાર આપવા ગામમાં જાય ત્યારે ગામની સામાજિક માન્યતા મુજબ આ ખોરાક સગર્ભા બહેનોને જ આપવાનો હોય એવું માનવામાં આવે છે તેમજ સંપન્ન પરિવારોમાં આહારની આદતોને કારણે કુપોષણ હોવાથી તે બાબતની જાગૃતિ જરૂરી હોવાનું તેમજ બાળકોની જમવાની આદતોમાં સુધારો કરવાનું, આરોગ્યયુક્ત યોગ્ય આહારનું કેમ્પેઇનિંગ કરવા તેમજ જે વિસ્તારમાં પોષણક્ષમ આહાર પહોંચાડવામાં કોઇ ખામી જણાય તો તેમાં પણ સુધારો લાવવાનું માનનીય અધ્યક્ષશ્રીએ સૂચન કર્યું.

**૩. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક- ૪, ૫, ૬, ૯, ૧૦ અને ૧૩ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

પ્રશ્ન પૂછ્યા બાદ પ્રશ્નોત્તરીકાળમાં સભ્યશ્રીઓને ગૃહમાં ફરજિયાત હાજર રહેવા અંગે સૂચના આપવા માનનીય અધ્યક્ષશ્રીએ બંને પક્ષના દંડકશ્રીઓને જણાવ્યું.

**૫. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક- ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ- ૧, ૭, ૮, ૧૧, ૧૨, ૧૪ અને ૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૮થી ૧૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦-૦૦ કલાકે પૂરો થયો.

**૬. પોઇન્ટ ઓફ ઇન્ફોર્મેશન**

માનનીય રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ પોતાના મતવિસ્તાર ડીસા તાલુકામાં ડેમ લિન્ક કરવાથી ૨૨ ગામોને સિંચાઇનો લાભ મળી શકે તેમ હોવાથી આ યોજના માટે રૂપિયા ૧૧૯ કરોડ મંજૂર કરેલ હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલનો ડીસા તાલુકાના ખેડૂતો વતી આભાર માન્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ ખેડૂતોને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦, સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૨ તથા અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ માનનીય શિક્ષણ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક-૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭, માગણી ક્રમાંક-૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ અને ૨૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી રમણલાલ વોરા
(૩) શ્રી કેશાજી ચૌહાણ
(૪) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૫) શ્રીમતી માલતીબેન મહેશ્વરી
(૬) શ્રી ધવલસિંહ ઝાલા

**(વિરામ સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૮) ડૉ.દર્શના દેશમુખ
(૯) શ્રી અમિત ઠાકર
(૧૦) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૧) શ્રી સંજયભાઇ કોરડીયા
(૧૨) શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૮. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઇ મકવાણાએ માનનીય મંત્રીશ્રીનો માગણી ઉપરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે માનનીય મંત્રીશ્રી સમયમર્યાદામાં જવાબ પૂરો કરે તેવી ટકોર સાથે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પણ મંત્રીશ્રીને સમયમર્યાદામાં જવાબ પૂરો કરવાની ટકોર સાથે સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧–૨૭ કલાક)

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, ૯ અને ૧૪ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯, ૧૦, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧–૪૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૪મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૧૬મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૬ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૭૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**પ્રભારી ન હોય તેવા મંત્રીશ્રી દ્વારા જવાબ આપવા અંગે**

સભ્યશ્રી શૈલેષ પરમારે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક–૧૧ની ચર્ચા દરમિયાન બનાસકાંઠા જિલ્લાના ગૃહ વિભાગના પ્રશ્નનો જવાબ રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ આપવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે વિધાનસભાના નિયમો અને પ્રણાલી મુજબ જે વિભાગનો પ્રશ્ન હોય એ વિભાગના મંત્રીશ્રી એનો જવાબ આપતા હોવાથી તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દે સભ્યશ્રી રમણલાલ વોરા, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, સભ્યશ્રી અમિત ચાવડા, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શૈલેષ પરમારના પોઇન્ટ ઓર્ડરને મંજૂર કરતાં જણાવ્યું કે, વિધાનસભામાં જવાબ આપવાની જવાબદારી સંયુકત રીતે કેબિનેટની છે, પરંતુ અનિવાર્ય સંજોગો સિવાય પત્રકમાં જણાવેલ વિભાગના મંત્રી સિવાય અન્ય વિભાગના મંત્રીશ્રીએ જવાબ આપવાથી દૂર રહેવું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**
**તા. ૧૧–૩–૨૦૨૬ના રોજ પ્રશ્નોત્તરી બાદ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીના પોઇન્ટ ઓફ ઓર્ડર સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

તા. ૧૧–૩–૨૬ના રોજ પ્રશ્નોત્તરીકાળ બાદ માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ કે તા. ૨૪–૨–૨૦૨૬ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપેલ હોવા છતાં માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ પ્રશ્નની માહિતી પ્રેસ–મીડિયા સમક્ષ નિવેદન આપી સાર્વજનિક કરેલ હોવાથી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગેલ. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખ્યો હતો.

સભાગૃહની ગરિમાને હાનિ પહોંચે તેવી પ્રવૃત્તિઓ કરવાથી સર્વ સભ્યશ્રીઓએ દૂર રહેવા તેમજ લોકશાહી શાસન વ્યવસ્થામાં ઉચ્ચ વાણી, વ્યવહારની અપેક્ષાનું ઉલ્લંઘન ન કરવા તેમજ કોઇપણ જનપ્રતિનિધિની માનહાનિ થાય કે સભાગૃહનું અવમાન થાય તેવી કોઇપણ બાબત સાર્વજનિક કરવી તે ઉચિત ન હોવાનું જણાવી સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાને ઠપકો આપી ભવિષ્યમાં આ બાબતે પૂરતી તકેદારી રાખવા તેમજ સર્વ સભ્યશ્રીઓને માત્ર તથ્ય આધારિત દસ્તાવેજો સિવાય જાહેર દસ્તાવેજોમાં કોઇપણ જાતના ફેરફાર, અનુમાન કે કાલ્પનિક રીતે સાર્વજનિક ન કરવા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

તા.૨૫–૦૨–૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શામજીભાઇ ચૌહાણના '' વાયબ્રન્ટ ગુજરાત રીજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોન)'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૮/૭૭૨ (અગ્રતા–૮) ના અનુસંધાને માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા દ્વારા માગવામાં આવેલ વધારાની માહિતી.

**માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રી ડૉ.જયરામ ગામીત**

**૫. વિધાનસભાની સમિતના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો બારમો અહેવાલ રજૂ કર્યો.

**૬. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૭, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૯ તથા કલાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૭ માનનીય વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, કલાઇમેટ ચેન્જ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ , માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ અને ૨૧ , માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ તથા માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.તુષાર ચૌધરી (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) (૨) ડૉ. કુબેરભાઇ ડીંડોર

**૮. માનનીય સભાપતિશ્રીની ટકોર**

માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સભાગૃહમાં મોટાભાગના સભ્યશ્રીઓ હાજર ન હોઇ, સભ્યશ્રીઓને સભાગૃહમાં હાજર રહેવા અંગે બંને પક્ષના દંડકશ્રીઓ તરફથી સૂચના આપવા અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિશ્રીએ ટકોર કરી.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી કુંવરજીભાઇ હળપતિ
(૪) શ્રી ભરતભાઇ પટેલ
(૫) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૬) શ્રી ભગાભાઇ બારડ

**૧૦. માનનીય સભાપતિશ્રીની જાહેરાત**
**મેડિકલ કેમ્પના આયોજન અંગે.**

ધારાસભ્યશ્રીઓ તથા પત્રકારશ્રીઓ માટે ગાંધીનગર એક્રીડિટેશન પ્રેસ ક્લબ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૮–૩૦ કલાકથી ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે મેડિકલ કેમ્પના આયોજન અંગેની જાહેરાત અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિશ્રી દ્વારા કરવામાં આવી

**(વિરામ બપોરના ૨–૩૪ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૮) શ્રી દિનેશસિંહ કુશવાહા
(૯) શ્રી ચૈતરભાઇ વસાવા
(૧૦) શ્રી મોહનભાઇ કોંકણી
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી તથા કલાઇમેટ ચેન્જ અને માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો માગણી ઉપરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૪૫ કલાક)

**૧૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ જવાબ વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, કલાઇમેટ ચેન્જ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૫૪, ૮૯ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૨૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન (નિયમ–૨૩૩)**

સૌ પ્રથમ માનનીય નાણા મંત્રીશ્રીએ સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૮–૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણા મંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

ત્યારબાદ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ રજૂ કરી.

સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક–૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ રજૂ કરી.

સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક–૨૦, ૨૬, ૩૯ અને ૭૩ રજૂ કરી.

સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૨૦, ૨૬, ૩૯ અને ૭૩ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૯, ૧૩, ૧૮, ૭૩ અને ૮૬ રજૂ કરી.

સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૯, ૧૩, ૧૮, ૭૩ અને ૮૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**દિવસની કામકાજની યાદીમાં ફેરફાર કરવા અંગે**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ આજના દિવસની કામકાજની યાદીમાં ૩૧ નંબરની સામાન્ય વહીવટ વિભાગની ચૂંટણી અંગેની બાબત/માગણી દૂર કરવાથી વિધાનસભાની પ્રણાલિકાઓ અને નિયમોનો ભંગ થવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ ભાગ–૧ના પાના નં.૪૦૯નો ઉલ્લેખ કરી જણાવ્યું કે, બંધારણીય સંસ્થાઓને લગતા પ્રશ્નો સંબંધમાં વિધાનસભા નિયમોમાં કોઇ જોગવાઇ નહીં હોવાનું તેમજ આવી સંસ્થાઓ તેમની બંધારણીય ફરજો બજાવવામાં હસ્તક્ષેપ કરે તેવી બાબતો દાખલ કરવામાં આવતી ન હોવાનું જણાવ્યું. વધુમાં ૧૨મી માર્ચ, ૨૦૦૩ના રોજ સામાન્ય વહીવટ વિભાગની માગણીની ચર્ચા દરમિયાન કેટલાક સભ્યો દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીનો અને મતદાર યાદી અંગેના પ્રશ્નો ઉઠાવેલા હતા ત્યારે જે તે વખતના પુરોગામી માનનીય અધ્યક્ષશ્રીએ બંધારણની કલમ–૩૨૪નો ઉલ્લેખ કરી જણાવેલ કે, સંસદ વિધાનસભાને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ, નિયંત્રણ અને કેન્દ્રીય ચૂંટણીપંચમાં કામગીરી

બજાવતો સ્ટાફ ચૂંટણીપંચ હેઠળ પ્રતિનિયુક્તિ થયેલો ગણવામાં આવતો હોય છે. મતદાર યાદી તૈયાર કરવાની કામગીરીમાં ઈવીએમ ખોટવાઇ જવું, વીવીપેટની કાર્યરીતિ સંબંધમાં રાજ્ય સરકારની કોઇ પ્રાથમિક જવાબદારી ન હોવાનું જણાવ્યું.

સભ્યશ્રી શૈલેષ પરમાર, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી રમણલાલ વોરા, સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના સંબંધમાં પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૬(૨)ની જોગવાઇઓનો ઉલ્લેખ કરી અનુદાન માટેની માગણીઓ પર ચર્ચા અધ્યક્ષશ્રી નિર્દેશ કરે તે ક્રમમાં કરવાની હોવાથી વિધાનસભા પ્રણાલિકા અનુસાર અનુદાનો માટેની માગણીઓની ચર્ચા હાથ પર લેતા પહેલાં વિરોધપક્ષને માન્યતા મળેલ ન હોવાથી શાસક પક્ષના દંડકશ્રીએ રજૂ કરેલ યાદીને તેઓશ્રીએ સંમતિ આપેલ હોવાથી પત્રક ભાગ-૨ પ્રસિદ્ધ કરી સર્વે સભ્યશ્રીઓને જાણ કરવામાં આવેલ હોવાનું તેમજ તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ની પૂરક માગણીઓની ચર્ચા સમયે ચૂંટણી અંગેની માગણી નં.૩૧ માં તેઓશ્રીએ પુરોગામી અધ્યક્ષશ્રીના નિર્ણયોનો ઉલ્લેખ કરી જણાવેલ હતું કે, ચૂંટણીપંચની બંધારણીય કામગીરી બાબતમાં ચર્ચા કરી શકાય નહીં, પરંતુ વહીવટી કામગીરીની ચર્ચા થઇ શકે. પરંતુ તે વખતે સભ્યશ્રીઓ દ્વારા વહીવટી પ્રક્રિયાની ચર્ચા કરતાં ચૂંટણીપંચના નિર્ણયની પ્રક્રિયાની ચર્ચા કરેલ હોઇ સરકારના મુખ્ય દંડકશ્રીની વિનંતીને ધ્યાને લઇ વિધાનસભાના અધ્યક્ષને મળેલ અધિકારની રૂએ માગણી નં.૩૧ ચૂંટણીની માગણી રદ કરી અને માગણી નં.૩૫ સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ સામેલ કરવા પરવાનગી આપેલ હોઇ અને તેના ઉપરની કાપ દરખાસ્ત પણ સભ્યશ્રીએ રજૂ કરેલ હોવાથી આ સંપૂર્ણ બાબત અધ્યક્ષશ્રીના અધિકારક્ષેત્રની હોવાથી સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાના પોઇન્ટ ઓફ ઓર્ડરને માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યો.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહનો સમય બિનજરૂરી વ્યય કરવા અંગે.**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા દ્વારા બિનજરૂરી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સભાગૃહના સમયનો વ્યય કરેલ હોવા અંગેનો વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, વિધાનસભા ગૃહમાં પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં પહેલાં તેના જરૂરી પાસા ચકાસી, વિસ્તૃત અભ્યાસ કરવા તેમજ બીજા સભ્યશ્રીઓના અધિકારો છીનવાય નહીં, બાબતનું પુનરાવર્તન ન થાય તેમજ નિયમાનુસાર જ ટૂંકમાં પોઇન્ટ ઓફ ઓર્ડરની રજૂઆત કરવા સર્વે સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કર્યો.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૦, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૩, સામાન્ય વહીવટ વિભાગને લગતું બીજું ખર્ચને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૫ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે રજૂ કરી, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૦, બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫, રહેણાંક મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૭, ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહનવ્યવહાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક-૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૬, ૭, ૯, ૧૧, અને ૧૨, માગણી ક્રમાંક-૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ અને ૧૪, માગણી ક્રમાંક-૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક-૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪, ૨૫, ૨૬, અને ૨૭,

માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ તથા માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૩ અને ૪૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર રહેતા ન હોવાથી તેમને સભાગૃહમાં હાજર રહેવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના સભ્યશ્રીઓને સૂચના આપી.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા
(૨)ડૉ.સી.જે.ચાવડા
(૩)શ્રી મહેશ કસવાલા
(૪) શ્રી મુકેશભાઇ પટેલ
(૫) શ્રી વિમલભાઇ ચુડાસમા

**(વિરામ સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૭) શ્રી જનકભાઇ તળાવીયા
(૮) શ્રી ધવલસિંહ ઝાલા
(૯) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૦) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૧) શ્રી અનિકેત ઠાકર

ત્યારબાદ ચર્ચાનો જવાબ જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ તથા ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહનવ્યવહાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

**૭. સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માગણી ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧–૧૪ કલાક)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૦, ૩૩, ૩૫, ૫૦, ૭૫, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૪૫ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૩૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**તા.૧૭મી માર્ચ, ૨૦૨૬**
**(બીજી બેઠક )**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨–૪૫ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજની (બીજી બેઠક) તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૫, ૧૦ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૧૫૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૪૫ કલાકે પૂરો થયો.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૦ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૨ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) ડૉ.હસમુખભાઇ પટેલ
(૩) ડૉ.દર્શનાબેન દેશમુખ
(૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૫) શ્રી ધવલસિંહ ઝાલા
(૬) ડૉ.પાયલ કુકરાની
(૭) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો. (ચર્ચા અધૂરી)

**૪. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે.**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માગણી ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો. ( બપોરના ૪-૪૨ કલાક)

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૩૯ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૯ અને ૧૯ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ સાંજના ૫-૦૧ થી ૫-૧૫)**

**૬. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો.**

**(૧)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમીત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**(૨)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૫-સન-૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**(૩)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૩-સન-૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**(૪)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૪-સન-૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**સભાગૃહ, બુધવાર તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫-૧૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬

**ક્રમાંક–૨૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧ પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯ (ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

ગઇકાલે લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ લોકસભામાં સભ્યશ્રીઓને ટૂંકમાં પ્રશ્નો પૂછવા તથા મંત્રીશ્રીઓને ટૂંકમાં જવાબો આપવા જણાવેલ તે જ રીતે વિધાનસભામાં પણ દરેક સભ્યશ્રીને ટૂંકમાં પ્રશ્નો પૂછવા તેમજ મંત્રીશ્રીઓને ટૂંકમાં જવાબ આપવાની માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ–૯ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક–૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૬ થી ૨૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓના નામ–નિર્દેશન માટેની મુદત વધારવા તથા ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સરકારના મુખ્ય દંડકશ્રીની વિનંતીને ગ્રાહ્ય રાખી ચૂંટણી માટેના નામ–નિર્દેશન માટેની છેલ્લી તા. ૧૭–૩–૨૦૨૬ના રોજ નિર્ધારિત કરેલ મુદત લંબાવી ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર કરવા અંગેની જાહેરાત કરી અને આ અંગે તા.૧૭–૩–૨૦૨૬ના રોજ પત્રક ભાગ–૨ ક્રમાંક–૨૭૮ પ્રસિદ્ધ કર્યાનું જણાવ્યું.

**૫. પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશન**

**ઈ–મેઈલ દ્વારા વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવા અંગે**

માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારે ઇ–મેઇલ દ્વારા ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાની જાણ માનનીય અધ્યક્ષશ્રીને પોલીસ દ્વારા કરવામાં આવેલ તે સંદર્ભે આ ઇ–મેઇલ ક્યાંથી આવેલ તથા તે મળ્યા બાદ કરવામાં આવેલ કાર્યવાહીથી માહિતી સભાગૃહને આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

વિધાનસભાના સચિવશ્રી દ્વારા આજે સવારે વિધાનસભા સચિવાલય ઉપર ઇ–મેઇલ આવ્યો હોવાનું તેઓશ્રીને જણાવતાં, આ બાબત તાત્કાલિક માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવામાં આવી. નાયબ મુખ્યમંત્રીશ્રી તથા રાજ્યના ડી.જી.પી.ને આ અંગેની જાણ કરવામાં આવી. વિધાનસભાના રોજબરોજના થતા ચેકિંગ ઉપરાંત આજરોજ વિશેષ કાળજી સ્વરૂપે ફરીવાર ચેકિંગ કરવાના આદેશો આપવામાં આવ્યા અને ખતરા અંગેની કોઇ બાબત ધ્યાને ન આવ્યાનું તેમજ ઇ–મેઇલ અંગેની વધુ સઘન તપાસ રાજ્ય સરકારને સોંપવામાં આવી હોવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો.**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી**

(૩) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૪) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૫) જી–રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૬) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. મનીષા વકીલ**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સમીક્ષા તેમજ સન ૨૦૨૩–૨૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૮) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૩–૨૪ના અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૯) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૦) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(૧૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૪–૨૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૧૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૧૩) ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૪–૨૦૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૧૪) ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૧૫) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

**૭. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**(૧) કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના માનનીય પ્રમુખશ્રી અર્જુનસિંહ ચૌહાણે સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

**૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૬, ૭, ૮, ૯ અને ૧૦ તથા માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

દરેક ધારાસભ્યશ્રીને મતવિસ્તાર દીઠ એક બસ ફાળવવા અંગેનો કાર્યક્રમ રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીને કાર્યક્રમના સ્થળે બપોરના ૧૨–૦૦ કલાકે ઉપસ્થિત રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અનંતકુમાર પટેલ
(૨) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૩) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૪) શ્રી માનસિંહ ચૌહાણ
(૫) શ્રી હેમંતભાઇ આહીર
(૬) શ્રી અભેસિંહ તડવી

**(વિરામ બપોરના ૧૨–૦૦ થી ૧૨–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી મહેશભાઇ ભૂરિયા
(૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૯) શ્રી અમૃતજી ઠાકોર
(૧૦) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૨) શ્રી કનુભાઇ પટેલ
(૧૩) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૪) શ્રી ઉદયભાઇ કાનગડ

ત્યારબાદ ચર્ચાનો જવાબ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ક્રમાંક–૨૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૧૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશની ની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક આજ રોજ તા. ૨૩–૦૩–૨૦૨૬ ના રોજ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં વિધાનસભાની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ રાખવામાં આવેલ હોવાથી સર્વ મંત્રીશ્રીઓ તથા સભ્યશ્રીઓને હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૩. વિધાનસભાની સમિતના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

**૪. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણાં વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫ નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩, ૬, ૭ અને ૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૬. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ વિપક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર રહેતા ન હોઇ, કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ સભાગૃહમાં હાજર રહેવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના સભ્યશ્રીઓને ટકોર કરી.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ માગણી પરનો માનનીય મંત્રીશ્રીનો જવાબ વખતે પણ સભ્યશ્રીઓએ હાજર રહેવા અંગે જણાવતાં, કાપ દરખાસ્ત રજૂ કરીને ચર્ચા દરમિયાન ભાગ લીધા બાદ માનનીય મંત્રીશ્રીના જવાબ દરમિયાન પણ સર્વ સભ્યશ્રીઓને સભાગૃહમાં હાજર રહેવા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ કર વસૂલાત ખર્ચ (નાણાં વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૮, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૧ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ

નિર્માણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ માનનીય નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક–૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫, માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ તથા માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૨, ૩૪, ૩૫, ૩૬ અને ૩૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચા શરૂ થવાના તબક્કે માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીનનો સમય બપોરના ૪–૦૦ વાગ્યાનો ઠરાવ્યા અંગે જણાવ્યું.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી અનિરુદ્ધ દવે
(૩) શ્રી અરવિંદ રાણા
(૪) શ્રી મહેશ કસવાલા
(૫) શ્રી ઇમરાન ખેડાવાલા
(૬) ડૉ.દર્શિતા શાહ
(૭) શ્રી ધવલસિંહ ઝાલા
(૮) શ્રી અમુલ ભટ્ટ
(૯) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૦) શ્રી કેયુર રોકડીયા
(૧૧) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી

**૮. શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ**

આજ રોજ તા. ૨૩મી માર્ચ શહીદ દિન નિમિત્તે હિન્દુસ્તાનની આઝાદી માટે પોતાનું સર્વોચ્ચ અર્પણ કરનાર વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને સભાગૃહ વતી અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અંજલિ આપી.

**૯. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશમાં સૌથી લાંબા કાર્યકાળ અંગે શુભેચ્છા**

સિક્કિમ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી પવનકુમાર ચામલિંગનો ૮૯૩૦ દિવસનો રેકોર્ડ બ્રેક કરીને દેશના સૌથી લાંબા ૮૯૩૧ દિવસ સુધી સરકાર ચલાવનાર નેતા તરીકેનો ઇતિહાસ રચનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને સભાગૃહ વતી અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અભિનંદન પાઠવ્યા.

**૧૦. માનનીય ઉપાધ્યક્ષશ્રીની ટકોર**

માગણી પર ચર્ચાના છેલ્લા દિવસે કાપ દરખાસ્તમાં ભાગ લેનાર વિપક્ષના સભ્યશ્રીઓને ગૃહમાં હાજર રહેવા અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**(વિરામ બપોરના ૨–૨૮ થી ૩–૦૦)**

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાણા, શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૦૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ અને ૩૫ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલી કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૫, ૧૬, ૧૭,૧૮, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૨. સન ૨૦૨૬–૨૦૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ માગણી ક્રમાંક–૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક–૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૪મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩–૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**મંગળવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨ અને ૨૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૫, ૧૨ અને ૨૦ ને અતારાંકિત ગણવામાં આવ્યા.
સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૨૪થી ૧૮૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.
પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. નિયમ–૧૦૮ની નોટિસની ચર્ચા કરવા પરવાનગી આપવા અંગે**

સભ્યશ્રી અમીત ચાવડાએ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ ગુજરાતમાં એલ.પી.જી. ગેસ, પેટ્રોલ, ડીઝલની તંગી ઊભી થવા અંગેના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ની નિયમોનુસાર સૂચના દાખલ કરેલ હોવાથી નિયમ–૧૦૮ની સૂચનાની ચર્ચા કરવા પરવાનગી આપવાની રજૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રએ જણાવ્યું કે, આ સંવેદનશીલ મુદ્દાનો પોતે સ્વીકાર કરે છે, પરંતુ આ માટેના ગુજરાત વિધાનસભાના નિયમો સ્વયં સ્પષ્ટ હોવાના કારણે જ્યારે આ બાબતને માનનીય મંત્રીશ્રીએ સ્વીકારી નથી ત્યારે ચર્ચાને અવકાશ રહેતો નથી, તેમજ પ્રસ્તુત બાબતની ગંભીરતાને ધ્યાને લઇને આ જ વિષય અંગેની નિયમ–૧૧૬ની સૂચનાનો સ્વીકાર કરેલ હોવાનું જણાવ્યું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પોલીસ દ્વારા ધારાસભ્યશ્રીઓના વાહનોના કરવામાં આવેલ ચેકિંગ અંગે**

સભ્યશ્રી ગોપાલ ઇટાલીયાએ આજ રોજ સવારે સચિવાલયના મેઇન ગેટ ઉપર પોલીસ દ્વારા સભ્યશ્રીઓના વાહનો રોકીને ચેકિંગ કર્યું હોવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી આ અંગે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દા સંદર્ભે કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરીએ પણ માત્ર વિરોધ પક્ષોના સભ્યશ્રીઓના વાહનો રોકીને પોલીસ દ્વારા ચેકિંગ કર્યું હોવાનું જણાવ્યું.

સદર બાબતનો અહેવાલ મેળવી સભાગૃહને તેની જાણ કરવામાં આવશે તેમ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૪ સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**
**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.**

(૧) ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૨) ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૩) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૪) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૫) ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયા**

(૬) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. મનીષા વકીલ**

(૭) ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૮) ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૯) ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૧૦) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૧૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૪–૨૫ના સુધારેલ અંદાજપત્ર અને સન ૨૦૨૫–૨૬ના અંદાજપત્ર

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૧૨) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૩) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**સામાન્ય વહિવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૧૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળનું ગુજરાત રાજ્યની અંદર કાર્યરત માહિતી કેન્દ્રોના સંચાલન, વ્યવસ્થા, જાળવણી અને સહાયને લગતું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનું તા.૧૭–૨–૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક– જીએચએસટી/ ૦૧/૨૦૨૬/ડીએસટી/એમએસએમ/ઇફાઇલ/૨૪ ૨૦૨૫/ ૧૪૭૮/ આઇટી

**માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા**

**૫. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**(૧) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી અભેસિંહ તડવીએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

**(૧) જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવાએ સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

**૬. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઇમરાન ખેડાવાલા
(૨) શ્રી અમૃતજી ઠાકોર
(૩) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૪) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૫) શ્રી અનંતકુમાર પટેલ
(૬) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૭) શ્રી દિનેશભાઇ ઠાકોર
(૮) શ્રી ચૈતરભાઇ વસવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ– ૨થી ૬, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ– ૨થી ૬, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૭. સભાગૃહની બેઠકનો વિરામનો સમય જાહેર કરવા અંગે**

સરકારના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદી ક્રમાંક–૪ ના પેટા બાબત–૩માં દર્શાવેલ વિધેયક ક્રમાંક–૧૭ રિસેસ બાદ લેવામાં આવે તેવો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ વિરામ જાહેર કર્યો. (બપોરના ૨–૦૯ કલાક)

**(વિરામ બપોરના ૨–૦૯ થી ૩–૦૦)**

**૮. સરકારી વિધેયકો**

(૩) માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમીત ચાવડા
(૨) શ્રી રમણલાલ વોરા
(૩) શ્રી શૈલેષ પરમાર

**૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો. (બપોરના ૪.૩૬ કલાક)

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી)
(૫) શ્રી ગણપતસિંહ વસાવા
(૬) શ્રી ઇમરાન ખેડાવાલા
(૭) શ્રી ચૈતરભાઇ વસાવા
(૮) ડૉ.તુષાર ચૌધરી (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૯) શ્રી અનિરુદ્ધ દવે
(૧૦) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૧) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૧૨) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા (પ્રવચન અધૂરું)

**૧૧. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**પુરાવા રજૂ કરવા અંગે**

કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક પર સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પ્રવચન દરમિયાન લગ્ન નોંધણી અધિનિયમને રદ કરવા અંગેનું નિવેદન નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વર્તમાન સત્રમાં અગાઉ આપેલ નિયમ–૪૪ના નિવેદનમાં આપેલ હોવાનું જણાવતાં, નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોતે આ અંગેની સ્પષ્ટતા કરેલ હોવા છતાં સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા પોતાની વાતને વળગી રહેલ હોવાથી આ બાબતના પુરાવા રજૂ કરવા જોઇએ નહીંતર માફી માગવી જોઇએ તેમ જણાવ્યું.

આ બાબતે સભ્યશ્રી શૈલેષ પરમાર, શ્રી રમણલાલ વોરા, રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણકુમાર માળી, સભ્યશ્રી અલ્પેશ ઠાકોર તથા સભ્યશ્રી ગણપતસિંહ વસાવાએ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ નિયમ–૪૪ અંગેના નિવેદનમાં જે સ્પષ્ટતા કરી છે તે સ્વીકારવી જોઇએ, પરંતુ તેના બદલે પોતે માફી નહીં માગે તે પ્રકારનું સભ્યશ્રીનું વર્તન સભાગૃહના અવમાન સમાન હોવાથી સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાને માફી માગવા અથવા માફી ના માગે તો ગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબતની દરખાસ્ત રજૂ કરી, જેને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલે સમર્થન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોતે રેકર્ડ તપાસતાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રમાણેનું કોઇ નિવેદન કરેલ ન હોવાથી સભ્યશ્રીએ પોતાનાથી થયેલ ભૂલને સ્વીકારી લઇ માફી માગી લઇ સભાગૃહનું ગૌરવ જાળવવા જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ તેમણે ઉચ્ચારેલા શબ્દો બદલ સભાગૃહની માફી માગી.

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી અલ્પેશભાઇ ઠાકોર
(૧૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૫) શ્રી મહેશ કસવાલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ વિધેયકના પ્રભારી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૩. સભાત્યાગ**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિધેયક સભાગૃહમાં રજૂ કર્યું છે તેને પ્રવર સમિતિને સોંપવામાં આવે તેવી માગણી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૩૨ પ્રમાણે પ્રથમ વાચન પછી પ્રભારી મંત્રીશ્રી જ આ વિધેયક સંબંધમાં પ્રસ્તાવ મૂકી શકતા હોવાથી અન્ય કોઇ સભ્યશ્રી આ બાબતનો પ્રસ્તાવ મૂકી શકતા નથી તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયથી નારાજ થઇને સભાગૃહમાં હાજર કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

**૧૪. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ- ૨થી ૩૯૮, અનુસૂચિઓ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ- ૨થી ૩૯૮, અનુસૂચિઓ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૫. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયક**

**(૧) દાખલ કરવાનું બિન-સરકારી વિધેયક**

૧. સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ સન ૨૦૨૬નું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી સર્વાનુમતે દાખલ કર્યું.

**(૨) બિન-સરકારી સંકલ્પો**

(૧) "વૈશ્વિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણ અને જાળવણી'' ને લગતો સંકલ્પ સભ્યશ્રી અનિરુદ્ધ દવે સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૨) "નલ સે જલ'' યોજના અંતર્ગત ફરિયાદોની તપાસ કરવા''અંગેનો સંકલ્પ સભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૩) ''નારી શક્તિ વંદના''ને લગતો સંકલ્પ સભ્યશ્રી ડી.કે.સ્વામી સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

**સભાગૃહ, બુધવાર તા. ૨૫મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે રાત્રિના ૧૦-૪૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૪મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**
**માનનીય મંત્રીશ્રીઓને યોગ્ય રીતે બ્રિફીંગ કરવા અંગે**

વિધાનસભા ગૃહમાં સભ્યશ્રીઓના પ્રશ્નોના જવાબો આપવાની જવાબદારી માન.મંત્રીશ્રીઓ સાથોસાથ વિભાગના અધિકારીશ્રીઓની પણ છે. વધુમાં પ્રશ્નોત્તરી દરમિયાન ગૃહમાં ઉઠાવવામાં આવતા પેટા પ્રશ્નોના જવાબો ગેલેરીમાં હાજર વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા બનતી ત્વરાએ માન.મંત્રીશ્રીઓને પહોંચતા કરવા સહિત પ્રશ્નોત્તરી સંદર્ભે માન.મંત્રીશ્રીઓને વિગતવાર બ્રિફીંગ કરવા માનનીય અધ્યક્ષશ્રીએ વિભાગના અધિકારીઓને ટકોર કરી.

**૩. પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક–૧૬નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ– ૧૩ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૭ થી ૧૩૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**
**તા.૨૪–૩–૨૦૨૬ના રોજ પ્રશ્નોત્તરી બાદ સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાના પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

તા.૨૪–૩–૨૦૨૬ના રોજ પ્રશ્નોત્તરી બાદ સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ સચિવાલયના ગેટ ઉપર સભ્યશ્રીઓના વાહનોના ચેકિંગ કરવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરેલો તેમજ કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ પણ માત્ર વિરોધ પક્ષના સભ્યશ્રીઓના વાહનોનું જ ચેકિંગ કરવામાં આવતું હોવાનું જણાવેલ. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગેનો અહેવાલ મેળવી તેની ગૃહમાં જાણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

તા.૨૧–૧–૨૦૨૬ના પત્રથી વિધાનસભા સત્ર દરમિયાન સચિવાલય ગેટ પર સભ્યશ્રીઓને પ્રવેશ આપતી વખતે સુરક્ષા અને સલામતીની ખાસ વ્યવસ્થા કરવા આ સચિવાલયે ગૃહ વિભાગને સૂચના આપેલ હોઇ તેમજ તા.૧૮–૩–૨૦૨૬ના રોજ વિધાનસભામાં ઇ–મેઇલ દ્વારા બોમ્બ મૂકવા બાબતનો મેસેજ આવેલ હોઇ, સલામતીના ભાગરૂપે સચિવાલય સલામતી સંભાળતી પોલીસ દ્વારા પક્ષાપક્ષીથી દૂર રહી દરેક સભ્યશ્રીનાં વાહનનું ચેકિંગ કરવામાં આવતું હોવાનું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૫. અતારાંકિત યાદી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી અને બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૬. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને પૂર્વ ધારાસભ્ય સ્વ.ઉદેસિંહ મોહનભાઇ બારીયાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ રજૂ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષારભાઇ ચૌધરી, સભ્યશ્રી ધવલસિંહ ઝાલા, શ્રી અમીત ચાવડા, શ્રી જયદ્રથસિંહજી પરમારે શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૭. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ગેસ, એલ.પી.જી., પેટ્રોલ તેમજ ડિઝલની તંગી નિવારવા અંગે**

સભ્ય શ્રી મહેશ કસવાલાએ ''તાજેતરની વૈશ્વિક પરિસ્થિતિમાં ગેસ, એલ.પી.જી., પેટ્રોલ તેમજ ડિઝલની તંગી નિવારવા અને લોકોને જરૂરિયાત મુજબ જથ્થો ઉપલબ્ધ થાય તે માટે લોકોની સુખાકારી માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં '' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૮. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

(૧) ભારતના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો

(૧) સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટેના નાણાકીય હિસાબો ભાગ-૧ અને ભાગ-૨

(૨) સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટેના વિનિયોગ હિસાબો

(૩) માર્ચ-૨૦૨૩ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૪)

(૪) માર્ચ-૨૦૨૩ અંતિત અવધિ માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૫)

(૫) માર્ચ-૨૦૨૪ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૧)

(૬) માર્ચ-૨૦૨૫ અંતિત રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૨)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઇ**

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી**

(૩) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળકલ્યાણ મંત્રી ડૉ. મનીષા વકીલ**

(૪) જી-રાઈડ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (મોરબી) લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૫) ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા**

(૬) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૭) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી રમેશભાઈ કટારા**

(૮) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

**ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા**

(૯) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૪નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ

**ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા**

(૧૦) સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં

(૧) તા.૧૨/૦૮/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ૦૭/૨૦૨૫

(૨) તા.૨૫/૦૯/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ૦૮/૨૦૨૫

(૩) તા.૧૪/૧૦/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ૦૯/૨૦૨૫

(૪) તા.૦૩/૧૧/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ૧૦/૨૦૨૫

તેમજ ઉપરોક્ત ક્રમાંકઃ (૧) પરનાં જાહેરનામાંને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

**૯. સભાગૃહની બેઠકના વિરામના સમય અંગે**

સરકારના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ બાકીનું કામકાજ વિરામ પછી લેવા માટેનો પ્રસ્તાવ મૂકતાં, તેને સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર વિરામ જાહેર કર્યો. (સવારના ૧૦.૪૮ કલાક)

**(વિરામ સવારના ૧૦-૪૮ થી ૧૧-૩૦)**

**૧૦. સરકારી વિધેયકો**

**(૧)** વિધેયકના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) ડૉ.સી.જે.ચાવડા
(૩) શ્રી અમિત ઠાકર
(૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૫) શ્રી ઉદય કાનગડ

ચર્ચાનો જવાબ વિધેયકના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ આપ્યો (ચર્ચા અધૂરી)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેનો પ્રસ્તાવ મૂકતાં, તેને સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો ( બપોરના ૧૨.૨૭ કલાક)

**૧૨. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ વિધેયકના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૨૧, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૨૧, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન)(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) (૩) શ્રી અમુલ ભટ્ટ
(૨) ડૉ.દર્શિતા શાહ (૪) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(વિરામ બપોરના ૧–૫૮ થી ૨–૩૦)**

(૩) માનનીય શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) (૩) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૨) ડૉ.મહેન્દ્રભાઇ પાડલીયા (૪) શ્રી ધવલસિંહ ઝાલા
(૩) ડૉ.દર્શિતા શાહ

ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત શાહ (૬) શ્રી ચૈતન્ય દેસાઇ
(૨) શ્રી ઇમરાન ખેડાવાલા (૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ (૮) શ્રી અરવિંદ રાણા
(૪) શ્રી અમિત ઠાકર (૯) શ્રી શૈલેષ પરમાર
(૫) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨થી ૯ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

" શહેરી વસતિને વધુ સારી જીવનશૈલી પૂરી પાડવા " અંગેનો પ્રસ્તાવ સભ્યશ્રી ચૈતન્ય દેસાઇ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

**૧૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે કુલ ૩૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૫. સત્રાંતે આભાર વિધિ**

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં છેલ્લા દિવસે માનનીય સંસદીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, કૃષિ અને સહકાર મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, સભ્યશ્રી કૌશિક જૈન, શ્રી લવિંગજી સોલંકી, શ્રી ભગાભાઇ બારડ, શ્રી કેશુભાઇ પટેલ, શ્રી શૈલેષ પરમારે માનનીય અધ્યક્ષશ્રીને સત્રના સુચારું સંચાલન બદલ અભિનંદન આપ્યા અને સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ શાસક પક્ષના તેમજ વિપક્ષના તમામ સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓનો સભાગૃહના સુચારું સંચાલનમાં સહકાર આપવા બદલ આભાર માન્યો.

**૧૬. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬–૩૧ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.

ત્યારબાદ રાષ્ટ્રીય ગીત અને રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૫મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.